


# આત્મધર્મ

[૪૫૬]

વર્ષ : ૩૮ * ઓકટોબર ૧૯૮૧ * અંક : ૪



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

## * ભાવલિંગી સંતનો ભગવાન પાસે પોકાર *

(૧) ત્રણ લોકના ગુરુ અને ઉત્કૃષ્ટ સુખના અદ્વિતીય કારણ એવા હે જિનેશ્વર! આ દાસ ઉપર એવી કરુણા કરો કે જેથી મને મુક્તિ પ્રાપ્ત થાય.

(૨) હે સંસારના નાશક અરહંત! અનેક દુઃખ ઉત્પન્ન કરનાર આ સંસારવાસનાથી હું અત્યંત વિરક્ત થયો છું. આપ આ દીન ઉપર એવી કરુણા કરો કે જેથી મારે ફરી જન્મ ન લેવો પડે

(૩) હે અરહંત! આપ કૃપા કરીને, આ ભયાનક સંસારરૂપ કૂવામાં પડેલા એવા મારો ઉદ્ધાર કરો, આપ તેમાંથી ઉદ્ધાર કરવા સમર્થ છો તેથી હું આપને ફરી ફરીને વિનંતી કરું છું.

(૪) હે જિનેશ! આપ દયાળુ છો. આપ સ્વામી છો, આપ જ રક્ષક છો તેથી મોહરૂપ શત્રુ દ્વારા જેનું માનમર્દન કરવામાં આવ્યું છે એવો હું આપની પાસે પોકારીને કહું છું.

(૫) હે જિન! જે એક ગામનો સ્વામી હોય તે પણ કોઈ બીજા દ્વારા પીડિત મનુષ્ય ઉપર દયા કરે છે. આપ તો ત્રણલોકના સ્વામી છો તો શું દુષ્ટ કર્મ દ્વારા પીડિત એવા મારી ઉપર આપ દયા નહિ કરો?

(૬) હે દેવ! આપ દયા કરીને મારા જન્મનો નાશ કરો, આ એક જ વાત મારે આપને કહેવાની છે. હું જન્મથી અતિશય બળેલો છું જેથી હું બહુ પ્રલાપ કરું છું.

(૭) હે જિન! સંસારરૂપ તાપથી સંતાપ પામેલો હું જ્યાં સુધી દયારૂપ અમૃતની સંગતિથી શીતળતા પામેલા આપના બન્ને ચરણ-કમળને હૃદયમાં ધારણ કરું છું ત્યાં સુધી જ હું સુખી છું. (શ્રી પદ્મનંદી-મુનિરાજ કરૂણાષ્ટક)

વાર્ષિક લવાજમ રૂપિયા નવ
વર્ષ ૩૮ અંક ૪
[ ૪૫૬ ]




વીર સંવત ૨૫૦૭
A.D. 1981 OCT.

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

જિન-આદેશઃ

## એક જ મોક્ષમાર્ગ : આત્મદર્શન

આ યોગીન્દ્રદેવકૃત યોગસાર છે. યોગસારનો ખરો અર્થ તો એ છે કે યોગ એટલે આત્મસ્વભાવનો વેપાર ને તેનો સાર; યોગ એટલે જોડાવું–ચૈતન્ય પૂરણ દ્રવ્યસ્વભાવ સાથે જોડાણ કરવું, તેમાં એકાગ્રતા કરવી ને તેનો સાર એટલે કે પરમાર્થ મોક્ષમાર્ગ; તેની વ્યાખ્યા અહીં કરી છે. તેમાં આ ૧૬ મી ગાથામાં તો બહુ ઊંચી વાત કરી છે.

નિજ દર્શન બસ શ્રેષ્ઠ છે, અન્ય ન કિંચિત્ માન;
હે યોગી! શિવ હેતુ એ, નિશ્ચયથી તું જાણ. ૧૬.

### * આત્મદર્શન એ જ મોક્ષનું કારણ છે *

હે ધર્માત્મા! આ આત્માનું દર્શન તે એક જ દર્શન મોક્ષનો માર્ગ છે. આત્મા એક સમયમાં અનંતગુણ સમ્પન્ન પ્રભુ છે, તેના દર્શન એટલે કે પહેલાં શાસ્ત્ર પદ્ધતિથી એવા આત્માને જાણીને—સર્વજ્ઞના કથન દ્વારા બતાવેલી રીત વડે આત્માને પહેલાં જાણીને મન-વચન ને કાયાથી ભિન્ન, પુણ્ય–પાપના રાગથી જુદો ને ગુણી અને ગુણના ભેદથી રહિત એવા આત્માના દર્શન તે એક જ મોક્ષનો માર્ગ છે.

આત્માના દર્શન એટલે કે જ્યાં મનનું પહોંચવું નથી, વાણીની ગતિ નથી, કાયાની ચેષ્ટા જ્યાં કામ કરતી નથી, વિકલ્પનો જ્યાં અવકાશ નથી અને ગુણી–ગુણના

ભેદનું અવલંબન નથી, એવો જે અભેદ અખંડ એકરૂપ આત્મા તેનું અંતર દર્શન કરવું, પ્રતીત કરવી તે એક જ આત્મદર્શન–સમ્યગ્દર્શન કહેવાય છે. તે સમ્યગ્દર્શન એક જ મોક્ષનો માર્ગ છે. અભેદ અખંડ શુદ્ધ આત્માને અનુસરીને તેનો અનુભવ કરવો તે એક જ સમ્યગ્દર્શન છે, એ સિવાય બીજો કોઈ પ્રકાર સમ્યગ્દર્શનનો નથી. એકરૂપ અભેદ અખંડ ચૈતન્ય તે આત્મા અને તેનું દર્શન—અંતરમાં તેનો અનુભવ કરીને પ્રતીત કરવી તે એક જ સમ્યગ્દર્શન છે, તે એક જ મોક્ષમાર્ગ છે, બે સમ્યગ્દર્શન નથી તેમ જ બે મોક્ષમાર્ગ નથી.

આત્માનું દર્શન એક જ—એમ કહેતાં આત્મા સિવાય બીજી ચીજો પણ છે ખરી, અજીવ છે, મન–વચન–કાયાની અજીવચેષ્ટાઓ પણ છે, અંદર આત્મામાં જેનો અભાવ છે એવા પુણ્ય–પાપનો રાગ પણ છે—એમ તેમાં આવી ગયું. વિકલ્પના વિચાર વખતે મન પણ છે, વાણીથી કહે છે ને સાંભળે છે એ પણ છે, પણ એ બધાં આત્મદર્શનમાં કામ કરતાં નથી.

કોઈ કહે કે સમ્યગ્દર્શન બે પ્રકારે છે, જ્ઞાન બે પ્રકારે છે, ચારિત્ર બે પ્રકારે છે, તો અહીં કહે છે કે ના, બે પ્રકારે છે જ નહીં; કથન ભલે વ્યવહાર અને નિશ્ચયથી બે પ્રકારે આવે પણ નિશ્ચય સમ્યગ્દર્શન તે એક જ સમ્યગ્દર્શન છે.

છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝૂલનારા મહાસંત યોગીન્દ્રદેવ કહે છે કે આત્માનું દર્શન તે એક જ સમ્યગ્દર્શન છે એ સિવાય નવ તત્ત્વોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નહીં, ભેદવાળી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નહીં, દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નહીં, છ દ્રવ્યોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નહીં. એક સમયમાં પૂરણ ચિદાનંદ વસ્તુ તે આત્મા, તેનું દર્શન, તેનો અનુભવ, તેની પ્રતીતિ તે એક જ સમ્યગ્દર્શન છે. એ આત્મદર્શન વિના જે કોઈ ક્રિયાકાંડમાં ધર્મ મનાય તે મિથ્યાદર્શન છે. એક સમયમાં પૂરણ અભેદ અનંતગુણનું એકરૂપ જે ભગવાન આત્મા તેની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે ને તે સમ્યગ્દર્શનના પ્રકાશના અભાવમાં પુણ્ય–દયા–દાન આદિના પરિણામમાં ધર્મ છે તેમ માનવું તે મિથ્યાદર્શન છે. સમ્યગ્દર્શન પછી પુણ્ય–દયા–દાનના પરિણામ આવે, વચમાં વ્યવહાર આવે ખરો પણ તેનાથી તે ધર્મ માને નહીં. એ વ્યવહાર તો બંધનું જ કારણ છે પણ અનુકૂળતાથી કહીયે તો એ વ્યવહાર અંતર અનુભવની દૃષ્ટિમાં તેને નિમિત્ત કહેવામાં આવે છે ને પ્રતિકૂળતાથી કહીયે તો તે બંધનું કારણ છે.

## * આત્મદર્શન સિવાય અન્યને જરીયે મોક્ષમાર્ગ માનવો નહીં *

ભગવાન આત્માના દર્શન તે એક જ મોક્ષનો માર્ગ છે. આત્માના દર્શન સિવાય પર—દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, નવ તત્ત્વોની શ્રદ્ધાનો રાગ, છ દ્રવ્યની શ્રદ્ધાનો રાગ એ બંધુય પર—અન્ય છે તેને જરીયે મોક્ષમાર્ગ માનવો નહીં. શુભરાગમાં, દેહની

ક્રિયામાં કે નવતત્ત્વોની શ્રદ્ધાના રાગમાં સમ્યગ્દર્શન અથવા મોક્ષનો માર્ગ જરીયે છે નહીં. આત્માના દર્શન સિવાય અન્યમાં સમ્યગ્દર્શન ને મોક્ષનો માર્ગ જરીએ નથી.

આહાહાહા! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરના મુખમાંથી નીકળેલી આ દિવ્યધ્વનિમાં જે આ આવ્યું એવું સંતોએ ચારિત્ર સહિત અનુભવ્યું ને એમણે જગત સમક્ષ મૂકયું કે વસ્તુનું સ્વરૂપ આ છે.

આત્માનું દર્શન તે એક જ સમ્યગ્દર્શન છે અને તેનાથી અન્ય બીજું જે કાંઈ છે તે કાંઈ પણ મોક્ષમાર્ગમાં ગણવામાં આવતું નથી. તેથી આત્મદર્શન સિવાય બીજી કોઈ વાતને સમ્યગ્દર્શન માને તેને મિથ્યાદર્શન થાય છે. આત્માના અનુભવની દૃષ્ટિ સિવાય સમ્યગ્દર્શન બીજી કોઈ ચીજ વડે હોઈ શકે નહીં ને બીજી કોઈ ચીજમાં હોઈ શકે નહીં. ગુણી ને ગુણના ભેદ વડે પણ આત્મદર્શન થઈ શકે નહીં, તો પછી દયા-દાન આદિ પાળો પછી સમ્યગ્દર્શન થશે એ વાત તો તદ્દન મિથ્યા છે.

હે ધર્મી!—સમ્યગ્દૃષ્ટિને યોગી-ધર્મી જ કહ્યો છે. ચોથે ગુણસ્થાને હોય, ભરત ચક્રવર્તી જેવા હોય પણ તેણે આત્મા સાથે યોગ જોડયો છે ને આખા સંસારથી અંદરમાં ઉદાસીનપણું વર્તે છે, જેને ભોગની રુચિ નથી, ભોગમાં સુખબુદ્ધિ નથી તેવા ચોથે ગુણસ્થાનવાળા સમ્યગ્દૃષ્ટિને ધર્મી યોગી કહ્યો છે.

અહીં તો સમ્યગ્દર્શનને મોક્ષનું કારણ કહ્યું છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રણની વાત કરી નથી, કેમ કે અનુભવનું જોર દેવું છે. આત્માના અનુભવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે તેમ કહેવું છે. શાંત, શાંત ધીરો થઈને અંતરના સ્વભાવની એકતાને અવલંબતા જે સમ્યગ્દર્શન થાય તેમાં સમ્યગ્જ્ઞાન ને સ્વરૂપાચરણરૂપ ચારિત્રનો અંશ પણ ભેગો ઉત્પન્ન થાય છે, માટે અહીં એક સમ્યગ્દર્શનને જ મોક્ષનું કારણ કહ્યું તેમાં सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः—એ આવી ગયું. પોતાના સહજાનંદ સ્વભાવની દૃષ્ટિ થઈ ને રુચિનું પરિણમન થયું તેમાં સ્વરૂપની શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન ને સ્વરૂપમાં અંશે રમણતારૂપ ચારિત્ર આવી જાય છે. એનો અર્થ એ થયો કે ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શનમાં સ્વરૂપાચરણ હોય છે. કેમ કે ભગવાન આત્મા પોતાના અંતર સ્વભાવ તરફ ઢળ્યો અને પ્રતીત ને જ્ઞાન થયા એમાં એટલો જ અનંતાનુબંધીનો અભાવ થઈને સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર પ્રગટ થયા વિના સમ્યગ્દર્શન જ હોઈ શકે નહીં.

સમ્યગ્દર્શન એક જ મોક્ષમાર્ગ કહેતાં એકાંત થઈ જતું નથી?—કે ના, એમાં અનેકાંત રહે છે. સ્વરૂપની દૃષ્ટિ, સ્વરૂપનું જ્ઞાન ને સ્વરૂપાચરણ ત્રણે ભેગા છે ને તેમાં વિકલ્પાદિ ભાવનો નાસ્તિભાવ છે. વ્યવહાર સમકિત તો રાગ છે, તેનો નિશ્ચય સમ્યગ્દર્શનમાં અભાવ છે. આવા સમ્યગ્દર્શન વિના બીજાને સમ્યગ્દર્શન માને તેને મિથ્યાદર્શનની પર્યાય હોય છે.

સર્વજ્ઞની વાણીમાં એમ આવે છે કે અમારા કહેલાં શાસ્ત્રોની શ્રદ્ધાને અમે સમ્યગ્દર્શન કહેતાં નથી. તારા આત્માની સન્મુખ થઈને પ્રતીત થવી, અનુભવ થવો તે એક જ સમ્યગ્દર્શન છે. બીજા પ્રકારનું સમ્યગ્દર્શન અમે કહ્યું નથી, કહેતાં નથી ને છે પણ નહીં. ભગવાન તારામાં તું પૂરો પડ્યો છો, તારે કોઈની જરૂર નથી. પરસન્મુખના જ્ઞાનની પણ તને જરૂર નથી, પર પદાર્થની તો જરૂર નથી, પર પદાર્થની શ્રદ્ધાની તો જરૂર નથી, પરસન્મુખના આશ્રયે થતાં દયા–દાન આદિના રાગભાવની તો જરૂર નથી; એ તો ઠીક પણ ભગવાન આ અને ગુણ આ એવા મનના સંગે ઉત્પન્ન થતાં વિકલ્પની પણ તને જરૂર નથી.

યોગીન્દ્રદેવ આદેશ કરે છે કે હે આત્મા! નિશ્ચયથી એ રીતે છે એમ તું જાણ, બાકી બધો વિકલ્પ હોય તેને વ્યવહાર નિમિત્ત તરીકે તું જાણ. બીજો મોક્ષમાર્ગ જરીયે નથી. વ્યવહાર શ્રદ્ધાનો, શાસ્ત્રના જ્ઞાનનો કે કોઈ કષાયની મંદતાના વ્રતાદિનો ભાવ કિંચિત્ છૂટકારાનો માર્ગ નથી, એ તો બંધનનો માર્ગ છે—એમ હે આત્મા! નિશ્ચયથી જાણ! વ્યવહારનું સ્વરૂપ જે છે તે જાણવા લાયક છે પણ આદરવા લાયક નથી. ભાઈ! તને પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાનની મહિમા આવતી નથી ને તેની મહિમા વિના તને ભેદ ને રાગની જેટલી મહિમા આવે છે એ મિથ્યાદર્શન છે, શલ્ય છે. બાપુ! વીતરાગ પરમેશ્વરનો માર્ગ જગતને સાંભળવા મળ્યો નહીં તેથી ઊંધે રસ્તે ચઢીને માને કે અમે ભગવાનને માનીયે છીએ, પણ ભગવાન તો એમ કહે છે કે જેમ રાખ ઉપર ગાર કરે તે ગાર નથી પણ લીંપણા છે તેની જેમ આત્માના દર્શન વિના તેને દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા નથી, કેમ કે દેવ-ગુરુ-શાસ્ત્ર તો આત્માના દર્શનને દર્શન કહે છે ને એ દર્શન વિના અમે દેવ-ગુરુ-શાસ્ત્રને માનીયે છીએ-એમ માને છે તે માન્યતા જૂઠી છે. આત્મદર્શન વિના દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા રહેતી નથી ને તેથી એ વિના જે વ્રતાદિ ક્રિયા કરવામાં આવે તે રાખ ઉપર ગારના લીંપણા જેવું છે. ૧૬.

હવે ૧૭ મી ગાથામાં કહે છે કે માર્ગણાસ્થાન ને ગુણસ્થાન તારામાં નથી :—

ગુણસ્થાનક ને માર્ગણા, કહે દૃષ્ટિ વ્યવહાર;
નિશ્ચય આતમજ્ઞાન તે, પરમેષ્ઠીપદકાર. ૧૭.

ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા દિવ્યધ્વનિ દ્વારા જે વાત ફરમાવે છે તે વાત સંતોને વિકલ્પ દ્વારા વાણીથી આવી જાય છે. કહે છે કે આ જીવ કઈ ગતિમાં છે, કઈ લેશ્યા છે ને ભવિ–અભવિ છે, કયા જ્ઞાનનો પર્યાય છે—એવા બધા ભેદોને જાણવા તે વ્યવહારનયનો વિષય જાણવાલાયક છે, આદરવાલાયક નથી.

જિનેશ્વરદેવે માર્ગણા ને ગુણસ્થાન કહ્યા છે. ચૌદ માર્ગણા ને ચૌદ ગુણસ્થાનથી આ જીવ આમ છે એમ નક્કી કરવું એ જાણવાની પર્યાય જાણવાલાયક છે પણ એના

આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. કેવળ વ્યવહારનયની દૃષ્ટિથી માર્ગણા ને ગુણસ્થાન જાણવાલાયક છે પણ આદરવાલાયક નથી. એના જ્ઞાન દ્વારા સમ્યગ્દર્શન થતું નથી. જેની પર્યાયમાં ભૂલ છે તેની તો અહીં વાત કરતા નથી અથવા તો મુનિદશા આવી હોય ને કેવળીની દશા આવી હોય કે સમ્યગ્દૃષ્ટિની આ દશા હોય એનો જેને ખ્યાલ પણ નથી તેની તો અહીં વાત કરતા નથી. જેને ખ્યાલ છે કે મુનિદશા આવી હોય, ચોથા ગુણસ્થાનની ને મિથ્યાદૃષ્ટિની દશા આવી હોય તે નક્કી કરે કે આ જીવ આ ગુણસ્થાનમાં છે, આ માર્ગણાસ્થાનમાં છે—એ બધું જ્ઞાન ભલે હો, જાણવા માટે છે, એટલો ભેદ છે તે જાણવા માટે છે પણ આદરવાલાયક કે તેનાથી સમ્યગ્દર્શન થાય એવી તેમાં તાકાત નથી.

માર્ગણાસ્થાન ને ગુણસ્થાન વર્તમાન પર્યાયમાં અસ્તિરૂપ છે પણ એ તો કેવળ વ્યવહારદૃષ્ટિથી કથન છે. છે માટે નિશ્ચયથી છે એમ નથી, છે પણ તે વ્યવહાર છે. વસ્તુ છે, વ્યવહારનયનો વિષય છે, પરંતુ ત્રિકાળ અભેદદૃષ્ટિની અપેક્ષાએ એ બધા ભેદોને અભૂતાર્થ કહેવામાં આવે છે, અસત્યાર્થ કહેવામાં આવે છે, જૂઠા છે—એમ કહેવામાં આવે છે.

ભવિ છું—એમ ખ્યાલ આવવો એ વ્યવહારનયનો વિષય છે. આ મતિજ્ઞાનનો ઉપયોગ છે ને આ શ્રુતજ્ઞાનનો ઉપયોગ છે ને આ ક્ષાયિક સમકિત કહેવાય તથા આ પાંચ ઇન્દ્રિયવાળો છે ને આ બે ઇન્દ્રિયવાળો છે—એ બધું અવસ્થાદૃષ્ટિએ છે ખરું, પણ ત્રિકાળ સ્વભાવના આશ્રય કરવાની અપેક્ષાએ એ બધું નથી, મને લાભદાયક નથી માટે એ નથી અને મને લાભદાયક અભેદ છે માટે એ છે.

કેવળ વ્યવહારનયથી આ જીવ પર્યાયમાં અહીં છે, આ જીવ આ ગુણસ્થાનમાં છે એમ કહેવામાં આવ્યું છે. અભેદ સ્વભાવની દૃષ્ટિથી કહેવામાં આવે તો આત્મા આત્મારૂપ જ છે, ભેદ એમાં નથી. આ ભવિ છે કે આ સમકિતી છે કે આ જ્ઞાન ઉપયોગ છે—એ ભેદો અભેદ વસ્તુમાં નથી. આ રાગ હજુ એકાદ બે ભવ કરશે—એ જાણવાલાયક છે પણ આદરવાલાયક નથી.

અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે....
એથી દેહ એક ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે....

શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે અમને થોડો રાગ વર્તે છે તેથી જણાય છે કે થોડો કાળ હજુ રાગનું વેદન રહેશે, એથી એમ જણાય છે કે એકાદ ભવ કરવો પડશે—એવું જે પર્યાયનું જ્ઞાન તે હો, પણ તે આદરણીય નથી.

ભગવાનની વાણીમાં જે વ્યવહાર આવ્યો—માર્ગણાસ્થાન, ગુણસ્થાન—તે છે, ભેદરૂપ છે, અંશરૂપી દશાવાળા ભાવો છે પણ તે જાણવાલાયક ભાવો છે, આશ્રય કરવા લાયક

નથી, પરમેશ્વર ત્રિલોકનાથે જે માર્ગણાસ્થાન આદિ પર્યાયના ભેદો જોયા ને કહ્યાં અને એમ છે—એમ તું જાણ તો હજુ તો તે વ્યવહાર છે.

ભગવાન આત્માને જાણ કે જેમાં કેવળજ્ઞાનના કંદ પડ્યા છે, જે અનંત ગુણની રાશિ પ્રભુ આત્મા છે, જેમાં 'આ આત્મા' એવો ભેદ પણ નથી એવા આત્માને આત્મારૂપે જાણ. આમ જાણવાનું ફળ શું?—કે તેનાથી અરિહંત ને સિદ્ધપદ મળશે. જે અભેદ ચિદાનંદ આત્માને જાણશે, તેનો આશ્રય કરશે તે નિશ્ચયથી અરિહંત ને સિદ્ધપદને પામશે.

પોતાના આત્માને જાણવાથી સિદ્ધ થઈશ, વ્યવહારને જાણવાથી સિદ્ધ નહિ થા. કેટલાક કહે છે કે જે ભાવે તીર્થંકરગોત્ર બંધાયું એ ભાવથી મુક્તિ થશે કેમકે તીર્થંકર પ્રકૃતિ બંધાણી ને! માટે મુક્તિ થશે. તેને અહીં કહે છે કે એ ખોટી વાત છે. તારું એ જ્ઞાન જ ખોટું છે. આત્મા આત્મામાં ઠરશે ત્યારે કેવળજ્ઞાનને પામશે, રાગ આવ્યો ને બંધ પડ્યો માટે કેવળજ્ઞાન થશે એમ છે જ નહીં. સમ્યગ્દૃષ્ટિને વિકલ્પ આવ્યો ને તીર્થંકર પ્રકૃતિનો બંધ પડ્યો—એવું જ્ઞાન પણ આશ્રય કરવા લાયક નથી. વિકલ્પ અને પ્રકૃતિનો બંધ જાણવાલાયક છે, પણ એનાથી મુક્તિ થશે કે એના જ્ઞાનથી મુક્તિ થશે એમ નથી.

એક જ વાત! જે આત્મા આત્માને જાણશે ને જે આત્મા આત્મામાં ઠરશે તે સિદ્ધપદને પામશે.

શ્રેણીકરાજાને વિકલ્પ ઊઠ્યો, ભગવાને કહ્યું કે હે શ્રેણીક! તું ભવિષ્યમાં તીર્થંકર થઈશ. શ્રેણીક સમવસરણમાં ક્ષાયિક સમકિત પામ્યા. પરંતુ તેઓ સ્વભાવના અવલંબન વડે ક્ષાયિક પામ્યા. વળી એ ક્ષાયિક થયું એમ જાણ્યું તે જ્ઞાન અને તીર્થંકર થઈશ એનું જ્ઞાન એ જ્ઞાન તેને કેવળજ્ઞાનનું કારણ નથી. જેને આત્મદર્શન થયું, સમ્યગ્દર્શન થયું તેને વિકલ્પ આવ્યો ને તીર્થંકર પ્રકૃતિ બંધાણી—એ સંબંધીનું જ્ઞાન તેને કેવળ-જ્ઞાન પમાડશે નહીં. માટે કહે છે કે વ્યવહારદૃષ્ટિથી એ જાણવા લાયક છે પણ એ જ્ઞાનનો મહિમા નથી. ભગવાન આત્માનું જ્ઞાન કર, એમાં એકાગ્રતા કર, એનાથી કેવળજ્ઞાન થશે. પ્રકૃતિથી, વિકલ્પથી કે તેના જ્ઞાનથી કેવળજ્ઞાન થશે નહીં. ભગવાનની વાણીથી જ્ઞાનમાં નક્કી થઈ ગયું કે હું તીર્થંકર થઈશ, છતાં એ જ્ઞાન આશ્રય કરવા લાયક નથી.

વ્યવહારદૃષ્ટિથી જે કહ્યું તેને જાણ પણ ભગવાન આત્મા એકરૂપ પ્રભુને જાણતા જ નક્કી તું કેવળજ્ઞાનને-સિદ્ધપદને પામીશ. ત્રણકાળમાં અમારી આ વાત ફરે એવી નથી એમ કહે છે. નિશ્ચયનયથી આત્મા સ્વયં અરિહંત ને પરમાત્મા છે. વસ્તુ સદા સિદ્ધ પરમાત્મા છે એવી અંતરની દૃષ્ટિ ને તેનું જ્ઞાન તે પર્યાયમાં સિદ્ધપદને પામવાનું કારણ

છે. એ સિવાય અન્ય કોઈ શ્રદ્ધા, અન્ય કોઈ જ્ઞાન કે અન્ય કોઈ આચરણ આત્માને મુક્તિનું કારણ નથી.

જે પરમેષ્ઠીપદ વ્યવહારનયે જાણવાલાયક કહ્યું હતું, તેના આશ્રયે પરમેષ્ઠીપદ નહીં પમાય. એક સમયમાં અભેદ પરિપૂર્ણ પ્રભુ તેની દૃષ્ટિ થતાં, તેનું જ્ઞાન થતાં, તે શ્રદ્ધા–જ્ઞાન પરમેષ્ઠીપદની પ્રાપ્તિનું કારણ થશે, પણ વ્યવહારરત્નત્રય મુક્તિનું કારણ નહિ થાય એમ કહે છે. ૧૭.

હવે કોઈ એમ કહે કે આ માર્ગ તો મહા ત્યાગી મુનિ જંગલમાં હોય તેના માટે હોય, ગૃહસ્થ માટે શું ? તેના ઉત્તરરૂપે ૧૮ મી ગાથામાં કહેશે કે ગૃહસ્થાશ્રમમાં પણ આ માર્ગ હોઈ શકે છે. રાજપાટમાં દેખાય, ઇન્દ્રના ઇન્દ્રાસનમાં દેખાય છતાં એ ગૃહસ્થાશ્રમમાં પણ એ જીવ નિર્વાણમાર્ગ ઉપર ચાલી શકે છે. કેમ કે ભગવાન આત્મા પૂરણ અખંડ વસ્તુ તો મૌજૂદ છે, અખંડ વસ્તુનો આશ્રય કરનાર ગૃહસ્થાશ્રમમાં પણ નિર્વાણને પામવાને લાયક થઈ જાય છે. આટલા આટલા ધંધાદિ હોય તોપણ?—કે હા ધંધાદિ એનામાં રહ્યાં, એ તો જાણવાલાયક છે. ભગવાન આત્માનો આશ્રય કરીને ગૃહસ્થાશ્રમના ધંધાદિમાં જો હેયાહેયનું જ્ઞાન વર્તે તો તે પણ નિર્વાણને પામવાને લાયક છે. વિશેષ કહેશે. –(ક્રમશઃ)

---

**❋ અરેરે ! ત્રણલોકોનો નાથ થઈને રાગમાં રોળાઈ ગયો ! ❋**

આહાહા ! આખી દુનિયા ભૂલાઈ જાય એવું તારું પરમાત્મતત્ત્વ છે. અરેરે ! ત્રણલોકનો નાથ થઈને રાગમાં રોળાઈ ગયો ! રાગમાં તો દુઃખની જવાળા સળગે છે, ત્યાંથી દૃષ્ટિને છોડી દે ! અને જ્યાં સુખનો સાગર ભર્યો છે ત્યાં તારી દૃષ્ટિને જોડી દે ! રાગને તું ભૂલી જા ! તારા પરમાત્મતત્ત્વને પર્યાય સ્વીકારે છે પણ એ પર્યાયરૂપ હું છું એ પણ ભૂલી જા ! અવિનાશી ભગવાન પાસે ક્ષણિક પર્યાયના મૂલ્ય શા ? પર્યાયને ભૂલાવાની વાત છે ત્યાં રાગ ને દેહની વાત તો ક્યાં રહી ? આહાહા ! એકવાર તો મડદા ઊભા થઈ જાય એવી વાત છે એટલે કે સાંભળતાં જ ઉછળીને અંતરમાં જાય એવી વાત છે.

—પૂજ્ય ગુરુદેવ

# પરદ્રવ્યમાં સુખબુદ્ધિ : માત્ર વાસનાજન્ય કલ્પના

[ શ્રી ઇષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૮-૩-૬૬ ]

આ ઇષ્ટોપદેશ પૂજ્યપાદ સ્વામીનું કહેલું છે. તેની છઠ્ઠી ગાથાનો વિશદ અર્થ ચાલે કહે છેઃ—

સુખ-દુઃખ સંસારીના, વાસનાજન્ય તું માન,
આ પદમાં દુઃખકાર તે, ભોગો રોગ સમાન. ૬.

જેટલા ઇન્દ્રિયજન્ય સુખદુઃખ છે તે વાસનામાત્ર જ છે. શરીરમાં ઠીક હોય તો મને સુખ ને શરીરમાં અઠીક હોય તો મને દુઃખ, પૈસા હોય તો સુખ ને પૈસા ન હોય તો દુઃખ—એવી અજ્ઞાનીની કલ્પના વાસના માત્ર છે, કોઈ પરવસ્તુ સુખદુઃખનું કારણ નથી. આત્મામાં આનંદ છે-એવી જેને ધર્મદૃષ્ટિ છે તેને પરપદાર્થ સુખદુઃખરૂપ ભાસતા નથી. આત્મા પોતે કાંઈ દુઃખરૂપ નથી, આત્મા તો પોતે જ આનંદસ્વરૂપ છે, એની જ્યાં ધર્મદૃષ્ટિ થઈ તે પુણ્ય-પાપના ભાવમાં પણ સુખ માનતો નથી ને પરમાં પણ સુખ માનતો નથી, તેમ જ પર મને દુઃખકારક છે એમ પણ માનતો નથી.

જેને પોતાના આનંદસ્વરૂપ ભગવાન આત્માના સ્વભાવની ધર્મદૃષ્ટિ નથી એવા અજ્ઞાનીને મિથ્યા વાસનાને લઈને ઇન્દ્રિયજન્ય સુખદુઃખ લાગે છે. શબ્દમાં, રસમાં, ગંધમાં, રૂપમાં, સ્પર્શમાં, સ્રીમાં, મકાનમાં, પૈસામાં, આબરૂમાં—પરવસ્તુમાં સુખદુઃખની કલ્પના કે પર મને સુખદુઃખ આપે છે એ વાસના જ અધર્મી-અજ્ઞાનીની છે. જેટલા ઇન્દ્રિયજન્ય સુખદુઃખ છે તે બધાય વાસના માત્ર છે. સ્રીના શરીરમાં મને ઠીક પડે છે —એનો અર્થ એ થયો કે તે પદાર્થ અને હું બન્ને એક છીએ, તેથી મને એમાં મજા પડે છે—એવી અજ્ઞાનીની પરને એક માનવાની મિથ્યા માન્યતા છે.

ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરદેવે એમ કહ્યું છે કે તારું જ્ઞાન ને તારો આનંદ તારામાં છે, પરમાં નથી, કેમ કે જે જુદા હોય તેમાં તારું સુખદુઃખ હોઈ શકે નહીં. છતાં અજ્ઞાની પોતામાં આનંદ છે એને ભૂલી જઈને સ્રી, પૈસા આદિ પરપદાર્થ મને ઇષ્ટ છે, એ મને સુખરૂપ છે એવી વાસના મિથ્યા માન્યતાથી ઊભી કરે છે.

પરપદાર્થનું જવું-આવવું એને લઈને થાય છે, કેમ કે પ્રત્યેક પદાર્થ સ્વતંત્ર છે, એને બદલે પરપદાર્થનું હું કરું તેમ થાય છે એવી માન્યતા અજ્ઞાનીનો મિથ્યાભ્રમ

છે. પરપદાર્થનું જવું-આવવું એના પોતાની પર્યાયને લઈને થાય એને બદલે મૂઢ માને કે મારે લઈને થાય છે, એ માન્યતા દુઃખરૂપ છે.

દેહાદિ પદાર્થ મને ઉપકારક છે—એવી વિભ્રમરૂપ કલ્પના તે વાસના છે. દેહથી તો ધર્મ થાય છે ને?—કે ના, ના, દેહ તો માટી જડ છે, તેનાથી કાંઈ ધર્મ થતો હશે? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે આત્માને જ્ઞાનાનંદસ્વરૂપ ઉપયોગરૂપ જોયો છે, જાણવા-દેખવાના સ્વભાવવાળો આત્મા છે એમ ભગવાને જોયું છે ને તું પણ એને એમ જો તો તને ધર્મ થાય. હું તો જાણવા-દેખવાવાળો છું એમ તું તને જો તો બીજા કોઈ પદાર્થ તને સુખદુઃખકારક છે એવી માન્યતા રહેતી નથી.

દેહાદિ પદાર્થ અમને ઉપકારક છે, નિરોગી છે તો અમને મદદ કરે છે એમ માનનારો મૂઢ જીવ છે. શરીર હોય તો ઉપવાસ થાય ને ઉપવાસથી ધર્મ થાય ને?— કે ના, ના, ઉપવાસથી ધર્મ થતો જ નથી ને કદાચિત્ રાગ મંદ હોય તો પુણ્ય બંધાય, વળી તે ઉપવાસ પણ નથી. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે, તેના 'ઉપ' એટલે સમીપમાં વાસ કરે એટલે કે શાંતિ પ્રગટ કરે તેને ભગવાન ઉપવાસ કહે છે. એ સિવાય બધાને લાંઘણ કહે છે.

ભગવાન આત્મામાં આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા આદિ અનંત ગુણ છે એને અજ્ઞાની સ્વીકારતો નથી તેથી દેહાદિ પરપદાર્થ મને ઉપકારક છે એમ તે માને છે. સુખ સ્વરૂપ તો હું છું; મારામાં જ સુખ છે એને બદલે અજ્ઞાની શરીરમાં, સ્ત્રીમાં, મકાનમાં સુખ માને છે. ભગવાન આત્મા તો આ દેહાદિથી જુદો, કર્મથી જુદો ને આ પુણ્ય-પાપના વિકારી કૃત્રિમભાવ થાય તેનાથી પણ જુદો છે. એવો જ્ઞાનમય, આનંદમય, સ્વચ્છતામય પ્રભુતામય આત્મા હું જ છું એમ માને તે પરપદાર્થને ઉપકારક-અપકારક માનતો નથી.

શરીરે સુખી તો સુખી સર્વ વાતે—એમ મૂઢ અજ્ઞાની મિથ્યાત્વ-વાસનાથી માને છે. જડ પદાર્થમાં જેમ રંગ-રૂપ આદિ ગુણ છે તેમ આત્મા પણ એક પદાર્થ હોવાથી તેમાં પણ જ્ઞાન, દર્શન, શાંતિ, પ્રભુતા, વિભુતા, સ્વચ્છતા આદિ અનંત ગુણો ભર્યા છે ને એવો આત્મા તે હું છું—એમ જે માનતો નથી, એવી દૃષ્ટિ કરતો નથી તે પર પદાર્થથી મને સુખ થાય, દેહાદિ મને ઉપકારક છે એવી માન્યતા મિથ્યા કલ્પનાથી કરે છે.

મારાથી મારું જ્ઞાન છે, પરથી નથી, મારાથી મારો આનંદ છે, પરથી નથી-એમ ન માનતા આ દેહ મને ઉપકારક છે, પૈસા મને ઉપકારક છે ઇત્યાદિ કલ્પના મિથ્યા-ભ્રાંતિથી અજ્ઞાની ઊભી કરે છે, અધર્મભાવ ઊભો કરે છે કે જે આત્માના ધર્મસ્વભાવમાં નથી. દેવમાં મનુષ્ય કરતા સુખ છે, ઠીક છે એમ પહેલાં કહીને હવે એ વાત અહીં ઉડાડી છે.

અરે ભગવાન! તને તારી કિંમત નથી ને પરપદાર્થને તું કિંમત આપે છે કે દેહ સારું, પૈસા સારા....પણ તું પોતે સારો છો કે નહીં?—એની તો તને ખબર નથી. બાપુ પૈસાદિ સારા—એ તો વાસનામાત્ર તારી કલ્પના છે. ભગવાન આત્મા તો જ્ઞાન ને આનંદસ્વરૂપ અવિકારી શીતળશીલા છે—એમાં પોતાના સુખ ને શાંતિ ન દેખતા અજ્ઞાની જીવ સ્ત્રી–પુત્ર–પૈસા આદિમાં મને સુખ છે એવી વાસનામાત્ર મિથ્યા કલ્પના ઊભી કરે છે.

અજ્ઞાનીને સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની ભિન્નતાની ખબર નથી, તેથી દેહાદિ મને સુખરૂપ છે, ઉપકારક છે એવી માન્યતાથી ઊભી કરેલી વાસનામાત્ર કલ્પના છે. અજ્ઞાનીએ પોતે મિથ્યા ભ્રમથી ઊભી કરેલી વાસનામાત્ર કલ્પના છે, કર્મે ઊભી કરેલી છે એમ નથી. તત્ત્વજ્ઞાનનો અભાવ છે માટે પોતે ઊભી કરે છે, કર્મ બિચારા જડ પદાર્થ છે, તે શું કરે? આત્માના જ્ઞાન-આનંદ સ્વરૂપને ભૂલીને તું પોતે એવી વાસના ઊભી કરે છો કે દેહાદિ પદાર્થ જીવને ઉપકારક છે. ઘડિયાલ, દાગીના કે કપડાલત્તાથી હું આવો છું, જડની ક્રિયા મારી છે—એમ માનતો થકો શરીરની અવસ્થા તે મારી છે ને તેનાથી હું શોભું છું એવી મિથ્યાભ્રમણા અજ્ઞાની ઊભી કરે છે. શરીર હોય તો દયા પળાય, વ્રત પળાય, ઇત્યાદિ માનનારા મૂઢ મિથ્યાદૃષ્ટિ મિથ્યા વાસનાને સેવે છે.

દેહાદિ પદાર્થ જીવના ઉપકારક પણ નથી ને અપકારક પણ નથી. શરીરમાં રોગ, નિર્ધનતા, પ્રતિકૂળ ચીજો આત્માને અપકારક, નુકશાનકારક છે જ નહીં. મૂઢ જીવે માન્યું કે મને આ પ્રતિકૂળતા! એવી કલ્પનાની વાસના તેને અપકાર–નુકશાન કરે છે. બાકી પર વસ્તુ નુકશાનકર્તા છે જ નહીં.

આ સમ્યગ્જ્ઞાનની કેળવણીની નિશાળ ચાલે છે. કહે છે કે ભગવાન! તું તો આત્મા છોને પ્રભુ! આ ઇન્દ્રિયો તો જડ–માટી છે. એનાથી તને કાંઈક ઠીક લાગે એ તારી વાસના જ મિથ્યાત્વ છે. આ ઇન્દ્રિયો અનુકૂળ હોય તો મને ઠીક કામ આપે છે એ તારી મિથ્યા માન્યતા છે. કેમકે એ તો જડની ક્રિયા છે, ઈ તને શું કામ આપે? ઇન્દ્રિયાદિ કામ બરાબર આપે છે ને બરાબર કામ નથી આપતી એ માન્યતા જ મૂઢ જીવની છે, કેમકે એ તો જડ પદાર્થ છે, જગતના અસ્તિ ધરાવતા તત્ત્વો છે, તેથી તે આત્માને કામ આપે કે ન આપે એ વાત આવે છે જ ક્યાં? એ તત્ત્વો પોતે કામ વિનાના કે દિ' છે કે તને કામ આપે? દરેક ચીજોમાં ક્ષણે ક્ષણે અવસ્થા થાય છે એ એનું કામ છે, એ તને શું કામ આપે? પણ અરેરે! એણે કોઈ દિ' પોતાની આ વાત સાંભળી નથી ને આત્મા રાંકો—ભીખારી થઈ ગયો છે!—કે મારે આ પરવસ્તુ વિના ચાલે નહીં, આ વસ્તુ વિના ચાલે નહીં! પણ એલા! પર વિના તારે ચાલે નહીં?! પર તો સ્વતંત્ર ભિન્ન ચીજ છે! મારા આનંદ વિના મારે ચાલે નહીં—એવો જે આત્મા તેને ભૂલીને પર વિના મારે ચાલે નહીં એવી તેં મિથ્યાભ્રમણા ઊભી કરી છે.

દેહાદિ પરપદાર્થ જીવને ઉપકાર કરનારા નથી પણ તારી વાસના છે કે આ મને ઉપકાર કરે છે. નુકશાન કરનારા પણ દેહાદિ પર પદાર્થ નથી, એ તો જ્ઞેય છે, જ્ઞાનમાં જાણવાલાયક પરવસ્તુ છે, પણ તને એમ થઈ જાય છે કે આ પ્રતિકૂળતા મને નુકશાન કરે છે—પણ એવી માન્યતા તને નુકશાન કરે છે.

હું કોણ છું, કયાં છું ને કેમ છું?—એના ભાન વિના રાગની ક્રિયાઓ કે પરની ક્રિયાઓ મને સુખરૂપ થાય એવી માન્યતા મિથ્યાત્વની વાસનામાત્ર છે. જડની દશા આત્માથી થાય ને આત્માની દશા જડથી થાય એમ માનનારે જડને આત્મા એક માન્યા છે, એમ માનનારા મૂઢ છે. અરે ભગવાન! આવો મનુષ્ય ભવ તને મળ્યો ને બે દ્રવ્યોની એકતાબુદ્ધિ રહે ત્યાંસુધી મિથ્યાભાવ ટળશે નહીં. મિથ્યાદર્શનનું સૂક્ષ્મ શલ્ય એને અનાદિથી ચારગતિમાં રખડાવે છે.

દેહાદિ પદાર્થ જીવને ઉપકારક પણ નથી ને અપકારક પણ નથી માટે પરમાર્થે ઉપેક્ષણીય જ છે, જાણવાલાયક છે, ઉપેક્ષા કરવાલાયક છે. મારા છે ને મને ઠીક પડે છે તથા મારા નથી ને મને ઠીક પડતું નથી એમ કરવાલાયક દેહાદિ પરપદાર્થ નથી. આત્મા સિવાયના દેહ, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, લક્ષ્મી આદિ બધું ઉપેક્ષા કરવાલાયક છે, અપેક્ષા કરવાલાયક એટલે ઠીક-અઠીક છે એમ કરવાલાયક નથી પણ ઉપેક્ષા એટલે કે છે એમ જાણવાલાયક છે. આદર કરવાલાયક નથી પણ ઉપેક્ષા કરવાલાયક છે.

ઠીક-અઠીકની વાસના ઊભી કરી છે તેં પોતે, માટે હવે તું તેને છોડ એમ કહે છે. બાહ્ય પદાર્થોની પ્રતિકૂળતાના ઘેરે ઘેરાયેલો હોય એને એમ લાગે છે કે આ મને દુઃખરૂપ છે. પણ ભાઈ! એ તો બાહ્ય ચીજો છે, એ તો એમ ને એમ પડી છે, એ તો જગતના અનાદિના તત્ત્વો છે, કાંઈ નવા ઊભા થયેલા તત્ત્વો નથી. તેનાથી તને દુઃખ કેમ થાય? જ્યાં આનંદ છે તે આત્માને ભૂલીને આ પરપદાર્થો મને ઠીક-અઠીક છે એવી માન્યતા તને દુઃખરૂપ છે. દુઃખ નથી પરપદાર્થમાં કે દુઃખ નથી સ્વભાવમાં, આનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે પણ એને ભૂલીને આ પરપદાર્થ મને ઉપકારક છે ને આ પરપદાર્થ મને અપકારક છે એમ એની દશામાં ઊભી કરેલી વાસના તે દુઃખરૂપ છે, વસ્તુ દુઃખરૂપ ન હોઈ શકે, નવી દશા-વાસના ઊભી કરે છે તે દુઃખરૂપ છે.

હું જ્ઞાતાદ્રષ્ટા ને આનંદસ્વરૂપ છું, પરમાં મારું જ્ઞાન નહીં ને આનંદ નહીં, પરને લઈને મારી ચીજમાં અનુકૂળતા કે પ્રતિકૂળતા છે જ નહીં—એમ જાણવું ને માનવું તેને હોંશિયારી કહેવાય છે ને બાકી બધી મૂઢતા કહેવાય છે.

આત્મા જ્ઞાનમૂર્તિ ભગવાન છે ને શરીરાદિ અજીવ તો પરતત્ત્વ છે ને બીજા આત્માઓ એ બીજા જીવતત્ત્વ છે એમ જુદા તત્ત્વોનું જુદાપણાનું જ્ઞાન નહીં હોવાને લીધે તત્ત્વ-

જ્ઞાનના અભાવે પરમાં ઠીક-અઠીકપણાની બુદ્ધિ કરે છે, આ શરીર મને યુવાન અવસ્થામાં ધાર્યું કામ આપે છે માટે ઠીક છે અથવા હવે વૃદ્ધાવસ્થામાં ધાર્યું કામ આપતું નથી માટે અઠીક છે—એવી માન્યતા તો મિથ્યાત્વથી ઊભી કરેલી વાસના છે.

પરવસ્તુ મને ઇષ્ટ-અનિષ્ટ છે. એ વાત જ આખી ખોટી છે. આહાહા! આ તો આખા સંસારનો એટલો વાળવો હોય (-નાશ કરવો હોય) એની વાતો છે! બાકી સંસારમાં રખડવું હોય તેને આ વાત બેસે તેવી નથી. આ મને ઈષ્ટ છે માટે ઉપકારક છે ને આ મને અનિષ્ટ છે માટે અપકારક છે—એમ વિભ્રમથી ઊભી કરેલી વાસના છે. કર્મના લઈને કે પરપદાર્થને લઈને ઊભી કરેલી વાસના નથી પણ પોતે વિભ્રમથી ઊભી કરેલી વાસના છે.

ભાઈ! એકવાર શ્રદ્ધામાં લે કે પરવસ્તુ મને લાભદાયક કે નુકશાનકારક નથી, મારો આત્મા મને આનંદદાયક છે, ને ઊંધી માન્યતા-રાગ-દ્વેષ કરું તે મને નુકશાનકારક છે. બાકી કોઈ પર ચીજ મને લાભ કે નુકશાનકારક છે જ નહીં.

ભ્રમ વિનાનો આત્મા વિભ્રમથી ભ્રમણા ઉત્પન્ન કરે છે કે પર પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ છે, કાંઈ કર્મ તને ભ્રમણા ઉત્પન્ન કરાવતું નથી. કર્મ તો પરદ્રવ્ય છે, પરદ્રવ્ય તને વાસના શી રીતે ઉત્પન્ન કરાવે? દર્શનમોહનો ઉદય હોય તો આત્માને ભ્રમણા થાય—એમ માનનારે પરદ્રવ્ય મને નુકશાનકારક છે એમ માન્યું!—એ ભ્રમણા વિભ્રમથી ઉત્પન્ન થયેલ સંસ્કાર છે, એ જ વાસના છે, એ જ સંસાર છે, એ જ દુઃખ છે અને એ જ પરિભ્રમણનું કારણ છે. એ સંસ્કાર સ્વાભાવિક નથી, તેમ જ પરથી ઉત્પન્ન કરાયેલા પણ નથી, પણ અનાદિથી પર્યાયમાં નવા ઊભા કર્યે જાય છે ને નરક ને નિગોદ તેમ જ કોઈ વાર શેઠીયો તો કોઈ વાર ઢોર-એમ ચાર ગતિમાં રખડયે જાય છે.

આ સુખ-દુઃખની કલ્પના કોને થાય છે?—કે દેહને ને પરને પોતાના માને ત્યારે જ તે પરને ઉપકારક ને અપકારક માની શકે છે. શરીર તે હું એમ માનનારા અનુકૂળ પદાર્થ ઠીક ને પ્રતિકૂળ પદાર્થ અઠીક એમ સુખ-દુઃખની કલ્પના ઊભી કરે છે, આનંદસ્વરૂપ આત્મા તે હું—એમ સ્વની શ્રદ્ધા ને ભાન જેને નથી ને શરીર તે હું એમ જે માનનારા છે તેને જ આવી સુખ-દુઃખની કલ્પના હોય છે.

જુઓ, આ પૂજ્યપાદ સ્વામીનો ઈષ્ટોપદેશ! હિતકારી ઉપદેશ! પ્રિયકારી ઉપદેશ!

હવે બીજા એક શ્લોકનો આધાર આપીને દાખલો આપે છે. પહેલાં જે સ્ત્રી-પુત્ર આદિ સારા લાગતા હતા તે મનમાં કાંઈક ચિંતા હોય તે કાળે તે જ ચીજો દુઃખરૂપ લાગે છે એમ દૃષ્ટાંતથી કહે છે કે પતિ-પત્ની સુખી માનીને સૂતાં હતા ત્યાં પતિને મનમાં કોઈ ચિંતા ઉપજી કે અરે! આ સટ્ટો કર્યો છે તેમાં નક્કી પાંચ લાખ ગુમાવીશ

–એવું કોઈ ચિંતાનું કારણ ઊભું થયું ને પત્ની પતિ સાથે રાગયુક્ત વચનો કહેવા લાગી, પરંતુ પતિ તો ચિંતીત હતો તેથી કહે છે કે હે સ્ત્રી! તું અત્યારે મને છોડ! આ શું કરે છે! મને તું સંતાપ પેદા કરી રહી છો! મને તારી આ ચેષ્ટાઓથી બિલકુલ હર્ષ થતો નથી. જોયું! પહેલાં માનતો હતો કે આ સુંદર સ્ત્રીથી મને સુખ છે ને હવે કહે છે કે તું મને સંતાપ પેદા કરી રહી છો!

બીજો શ્લોક દૃષ્ટાંતરૂપે કહે છે કે સુંદર મહેલ, ચંદન, ચાંદની, વેણું, વીણા તથા યૌવનવતી યુવતીઓ વગેરે, જેને પેટમાં કૂરકૂરીયા બોલતા હોય એવી ભૂખની પીડા ઊપજી હોય તેને આ બધું કાંઈ સારું લાગતું નથી. સારી ચીજ હોય તોપણ ભૂખ્યા પેટે ખરાબ લાગે ને પેટ ભર્યું હોય તો બધું સારું સારું લાગે ને પેટભર ખાવા ન મળતું હોય તો સારા પદાર્થ પણ ખરાબ લાગે છે. ચીજ સારી–નરસી નથી પણ એ ચીજ પહેલાં તેને સારી લાગતી ને પછી સારી લાગતી નથી માટે પર ચીજ અનુકૂળ–પ્રતિકૂળ કે સુખદુઃખકારક છે એમ નથી પણ એણે કલ્પનાથી ભ્રમણા ઊભી કરી છે. વિશેષ કહેશે. (ક્રમશઃ)

## આત્માર્થને પોષણ આપ....

બે ચાર કલાક શાસ્ત્રનું વાંચન જોઈએ, એનું શ્રવણ જોઈએ, ચિંતવન જોઈએ. સત્–સમાગમમાં બે–ચાર કલાક ગાળવા જોઈએ, એ જેને નથી ને વેપાર-ધંધાના લોહવાટમાં આખો દિવસ જાય છે એને તો એકલું પાપ છે. એથી તો કહ્યું હતું કે જેઓ પૈસાવાળા છે તેને પૈસાથી મદ થાય છે, મદથી મતિ ભ્રષ્ટ થાય છે, મતિ ભ્રષ્ટથી પાપ કરીને તિર્યંચમાં જાય છે. માંસ–દારૂ ખાનારા તો નરકમાં જાય છે પણ જૈનને તે હોય નહીં અને વેપાર આદિના લોહવાટના પાપભાવ આડે પુણ્યભાવના પણ જેને ઠેકાણાં નથી એ બધાં ઢોરમાં જવાના છે. પા–અડધો કલાક પૂજાદિ કરીને આખો દિવસ પાપના કાર્યોમાં રોકાય એમાં દિ' શું વળે? હમેંશા બે વખત જમવાનું ને બે વખત ચા જોઈએ તેમ હમેંશા ચાર કલાક વાંચન આદિ કરવું જોઈએ. વાંચન–શ્રવણ–મનન આદિ વડે આત્માર્થને પોષણ આપવું જોઈએ.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# * વૈરાગ્ય ને પુરુષાર્થપ્રેરક પુરાણુ પ્રસંગ *

## જયકુમારને અનેક ભવમાં મારનારની જયકુમાર કરતાં પ્રથમ મુક્તિ

[ ભગવાન ઋષભદેવના ૭૨ માં ગણધર જયકુમાર ]

હસ્તિનાપુરકા મહારાજા સોમપ્રભકા પુત્ર જયકુમાર જો ભરત ચક્રવર્તિકા સેનાપતિ થે શૂરવીર ઔર ધર્માત્મા થે. એક દિન જયકુમાર અપની રાણી સુલોચના કે સાથ મહલકી છત પર કુટુંબી જનો કે સાથ બૈઠે હુએ થે ઔર ઉપર સે એક કબૂતર–કબુતરી કે જોડેકો દેખા ઔર ઉસકો દેખતે હી જયકુમાર કે મૂંહ સે ' હા! મેરી પ્રભાવતી કહાં હૈ ' યહ શબ્દ નીકલતે હી મૂર્છા આ ગઈ ઔર વે બેહોશ હો ગયે. સુલોચના કો ભી ઉસ જોડે કો દેખકર જાતિસ્મરણ હો ગયા ઔર વહ ભી ' હા! મેરે રતિવર કહાં હૈ ' યહ શબ્દ કહકર મૂર્છિત હો ગઈ, વે દોનો જબ સચેત હુએ તબ પતિકી આજ્ઞા પાકર રાની સુલોચનાને અપને પૂર્વ ભવોંકા વર્ણન કુટુંબીઓકો ઈસ તરહ સુનાયાઃ-

જમ્બૂદ્વીપકે પૂર્વ વિદેહમેં એક પુષ્કલામઈ નામકા દેશ હૈ. ઉસમેં મૃણાલવતી નામકી નગરી કે રાજા સુકેતુ થે. ઈસી નગરીમેં રતીવર્મા નામકે એક શેઠ રહતે થે. જિનકી સ્રીકા નામ કનકશ્રી ઔર પુત્રકા નામ ભવદેવ થા. ભવદેવકા ચારિત્ર અચ્છા નહીં થા. વહાં શ્રીદત્ત નામકા એક વૈશ્ય ભી રહતા થા જિસકી સ્રીકા નામ વિમલશ્રી ઔર પુત્રીકા નામ રતિવેગા થા. અશોકદેવ નામકે એક તીસરે શેઠ ભી વહાં રહતે થે જિનકી સ્રીકા નામ જિનદત્તા ઔર પુત્રકા નામ સુકાન્ત થા. સુકાન્ત સદા ધર્મકાર્યમેં લગા રહતા થા. ભવદેવકે માતા–પિતાને ઉસકે લિયે રતિવેગાકે માતા–પિતાસે ઉસકી યાચના કી ફલતઃ દોનોકી મંજુરી હો ગઈ. એક સમય ધન કમાનેકી લાલસાસે ભવદેવ પરદેશ જા રહા થા. ઉસ સમય ઉસને શ્રીદત્તકો કહા કિ મૈં બારહ વર્ષ તક વાપિસ ન આઉં તો આપ રતિવેગાકા વિવાહ અન્યકે સાથ કરા શકતે હૈં. કર્મસંયોગસે હુઆ ભી ઐસા હી. બારહ વર્ષકી અવધિ સમાપ્ત હો જાનેસે શ્રીદત્તને રતિવેગાકા વિવાહ અશોક શેઠ કે પુત્ર સુકાન્ત કે સાથ વિધિપૂર્વક કર દિયા. ઈસકે બાદ જબ ભવદેવ પરદેશસે લૌટા ઔર યહ સબ વૃતાન્ત સુના તો વહ બહુત ક્રોધિત હુઆ. ઔર ઉન દોનોકો માર ડાલનેકા નિશ્ચય કિયા. યહ બાત જાનકર સુકાન્ત ઔર રતિવેગા ભય કે મારે વનમેં ચલે ગયે. વહાં એક સુન્દર સરોવર થા. ઉસ સરોવર પર શક્તિસેણ નામકા રાજા ઠહરા હુઆ થા. વે દમ્પતિ ઉનકી શરણમેં પહુંચ ગયે ઔર નિર્ભય હોકર રહને લગે, સુકર્મ કે સંયોગસે વહાં પર એક ચારણઋદ્ધિધારી મુનિ આહારકે નિમિત્ત આયે ઔર રાજા શક્તિશેણને નવધા ભક્તિપૂર્વક મનમેં ઉલ્લાસ ધારતે હુએ મુનિરાજકો આહાર દિયા તથા ઉનકી પૂજા-ભક્તિ સત્કાર કિયા. યહ ક્રિયા દેખકર ઉન દોનો દમ્પતિકો મનમેં બહુત આનંદ

હુઆ ઔર વે અનિત્ય આદિ બારહ ભાવનાઓં કા ચિંતવન કરતે હુએ મનમેં દયાભાવ ધારણ કર આનંદસે વહીં પર અપના સમય બીતાને લગે. એક સમય અવસર પાકર દુષ્ટ ભવદેવને વહાં આકર ઉન દોનોં દમ્પતિકો આગ લગાકર વહાં જલા ડાલા ઔર રાજા શક્તિશેણકે સુભટ્ટોને દુષ્ટ ભવદેવકો માર દિયા. સો ઠીક હી હૈ જો દૂસરોં કે લિયે કૂઆં ખોદતા હૈ ઉસીકે લીયે કૂઆં પહલે હી તૈયાર રહતા હૈ.

પૂર્વ વિદેહી કે પૂંડરીકની નગરીમેં પ્રજાપાલ નામકા રાજા રાજ્ય કરતા થા ઔર વહીં એક કુબેર મિત્ર નામકા શેઠ ભી રહતા થા. ઉસ શેઠકી બત્તીસ સ્ત્રીઓમેં ધનવતી શેઠાણી સબમેં મુખ્ય થી, ઉસ શેઠ કે ઘર સુકાન્ત કા જીવ તો રતિવર નામકા કબૂતર હુઆ ઔર રતિવેગા કા જીવ રતિશેણા નામકી ઉસકી કબુતરી હુઈ, વે દોનો કબૂતર-કબૂતરી શેઠકે ઘરમેં આનન્દ કે સાથ અપના સમય બિતાને લગે. એક સમય શેઠકે ઘરપર આહાર કે લિયે દો ચારણ ઋદ્ધિધારી મુનિ આકાશ માર્ગસે આયે. ઉન્હેં દેખકર શેઠ-શેઠાણી કે હૃદયમેં બહુત હી હર્ષ હુઆ ઔર ઉન્હોંને શુદ્ધ ભાવોસે મુનિઓંકો પડગાહન કિયા એવમ્ નવધાભક્તિપૂર્વક ઉન્હોંકો આહાર-દાન દિયા. ઉસ સમય કબૂતર-કબૂતરીને ભી ભક્તિ ભાવસે મુનિરાજકે ચરણ કમલોંકા દર્શન કિયા ઔર અપને પંખોકો પસાર કર ચરણોંકા સ્પર્શ કિયા. મુનિઓકે દર્શન માત્રસે હી ઉન દોનોં કો અપને પૂર્વભવકા જાતિસ્મરણ હો આયા ઔર ઉન્હોંને આહાર-દાનકી બહુત હી અનુમોદના કી. ઉસકે પ્રભાવસે બહુત પુણ્ય-બંધ હુઆ. એક સમયકી બાત હૈ કિ વે દોનો કબુતર-કબુતરી દાના ચૂગને કે લિયે દૂસરે ગાંવમેં ગયે હુએ થે. વહાં ઉનકા પૂર્વભવકા શત્રુ ભવદેવકા જીવ જો કિ મરકર બિલાવ હુઆ થા, ઉસને ક્રોધમેં આકર દોનોં કો મારકર ખા ડાલા. ઈસલિયે ગ્રન્થકારકા કહના હૈ કિ કભી કિસીસે વૈરભાવ મત કરો, યહ વૈરભાવ હી ભવ-ભવાન્તરમેં જીવો કો દુઃખ દેને વાલા હૈ.

વિજ્યાર્દ્ધ કી દક્ષિણ શ્રેણીમેં ગાંધાર દેશ કી શીંખલી નામકી સુન્દર નગરીકા રાજા આદિત્યગતિ થા ઔર રાની શશિપ્રભા થી. રતિવર નામકા કબુતર (સુકાન્તકા જીવ) મરકર હિરણ્યવર્મા નામકા ઉસ રાજા-રાણીકા પુત્ર હુઆ. વિજ્યાર્દ્ધકી ઉત્તર શ્રેણીકે ગૌરી દેશકે ભોગપુર નામકે નગરકા વિદ્યાધર રાજા વાયુધર થા ઔર સ્વયંપ્રભા નામકી રાની થી. ઉસકે ગર્ભસે વહ રતિશ્રેણા નામકી કબુતરી (રતિવેગા કા જીવ) પ્રભાવતી નામકી પુત્રી હુઈ. વિધિવશ પ્રભાવતીકા વિવાહ હિરણ્યવર્માકે સાથ હુઆ.

કુછ દિનોંકે બાદ પ્રભાવતીને એક કબુતરકે જોડે કો ઉડતે હુએ દેખા ઔર દેખતે હુએ પ્રભાવતી કો અપને પૂર્વ ભવકી યાદ આ ગઈ. ફિર એક દિન પ્રભાવતી ઔર હિરણ્યવર્માને એક ચારણઋદ્ધિધારી મુનિસે અપને પૂર્વભવકા વૃતાન્ત સુના, જિસકો સુનકર અપને પૂર્વભવ કે સમ્બન્ધકા જ્ઞાન હોને પર ઉન દમ્પતિમેં ઔર ગાઢ પ્રીતિ

હો ગઈ. કિસી એક સમય કિસી નિમિત્તકો પાકર હિરણ્યવર્મા સંસાર શરીર ભોગોં સે વિરક્ત હો ગયે ઔર અપને પુત્રકો રાજ્ય દેકર સ્વયં જિનદિક્ષા ધારણ કરલી. અપને પતિકો દીક્ષિત દેખકર પ્રભાવતીને ભી ગુણવતી નામકી અર્જિકાસે જિનદિક્ષા લેલી. કુછ દિનોં બાદ ગુણવતી અર્જિકા કે સાથ પ્રભાવતીને વહાંસે વિહાર કિયા ઔર વિહરતે વિહરતે પુંડરિકી નગરી મેં પહુંચી. વહાં પ્રભાવતીકો દેખકર ધનવતિ શેઠાણીને સંઘકી ગુરાનીસે પૂછા યહ કૌન હૈ કિ જિસકો દેખકર મેરે મનમેં સ્નેહ ઉમડ આયા. ઈસકા કારણ કયા હૈ મુજે બતલાઈયે. યહ સુનકર પ્રભાવતીને સ્વયં કહા કિ તુમ્હેં ઘરમૈ રહનેવાલે કપોત યુગલકી યાદ નહી હૈ? સ્મરણ કિજીયે. મેં તુમ્હારે ઘરમેં રતિષેણા નામકી કબુતરી થી. યહ બાત સુનકર શેઠાણીકો બહુત આશ્ચર્ય હુઆ ઔર પૂછા કિ વહ રતિવર કબુતર કહાં હૈ? પ્રભાવતીને ઉત્તરમેં કહા કિ વહ ભી મરકર વિદ્યાધરો કા રાજા હિરણ્યવર્મા હુઆ હૈ જોકી અબ મુનિ દિક્ષા ધારણ કર વિહાર કરતે હુએ ઈસી નગરમેં આયે હુએ હૈં; શેઠાણીને મુનિકે પાસ જાકર ભક્તિપૂર્વક નમસ્કાર કિયા ઔર ઈસકે બાદ પ્રભાવતીકે ઉપદેશસે વહ શેઠાણી ભી અર્જિકા હો ગઈ.

ઈસકે પશ્ચાત્ મુનિરાજ હિરણ્યવર્માને કિસી સમય સાતદિન કે લિયે સ્મશાનમેં પ્રતિમાસન્નસે યોગ ધારણ કિયા. ઉધર દુષ્ટ બિલ્લીકા જીવ (ભવદેવકા જીવ) વિદ્યુત ચોરને શેઠાણીકી દાસી કે મુંહસે ઉન મુનિરાજકે પિછલે ભવોં કી યહ સબ હાલ સુન રખા થા ઈસિલીયે વિભંગાવધિ સે મુનિ મહારાજકો સ્મશાન ભૂમિમેં ધ્યાનસ્થ જાનકર વહ વિદ્યુતચોર વહાં આયા, ઔર જલતી હુઈ ચિતામેં મુનિરાજ હિરણ્યવર્મા ઔર અર્જિકા પ્રભાવતી કો એક સાથ જોંક દિયા. ઉસ સમય વે દોનોં અગ્નિકી તીવતર અગ્નિ કે પરિષહસે શુદ્ધ ઔર સમતાભાવોંસે મરે ઔર ઉનકે પુણ્ય–પ્રતાપસે સ્વર્ગમેં ઊંચે જાતિકે દેવ હુએ. યહ બાત જબ વહાંકે રાજાકો માલૂમ હુઈ તો ઉસને વિદ્યુતચોરકો માર ડાલનેકી આજ્ઞા દી. રાજાકા યહ વિચાર ઉન દોનોં દેવદેવી કો અવધિજ્ઞાન દ્વારા હો ગયા ઔર ઉન્હોંને રાજાકે પાસ આકર ઉસે સમજા–બુઝાકર શાંત કર દિયા.

કુછ સમય બાદ કિસી સમય વે દોનોં દેવ વહાં ફિર આયે ઔર ઉન્હોંને મહામુનિ ભીમકો દેખકર ઉન્હેં નમસ્કાર કિયા ઔર ઉનસે ધર્મકા શ્રવણ કિયા. બાદમેં દેવને કહા હૈ. સ્વામીન્! યહ બતલાઈયે કિ આપકે ઈસ છોટી વયમેં દીક્ષિત હોનેકા કારણ કયા હૈ ઈસકે ઉત્તરમેં મુનિવરને કહા કિ મૈં ઈસી પુંડરીકી નગરીમેં એક દરીદ્ર કુળમેં પેદા હુઆ થા, મેરા નામ ભીમ હૈ. એક સમય મૌકા પાકર મૈંને એક મુનિરાજસે ધર્મકા શ્રવણ કિયા. મુજે ઉસ સમય જાતિસ્મરણ હો ગયા થા જિસસે મુજે અપને પૂર્વભવકી સબબાતે માલુમ હો ગઈ થી. મૈં વિચાર કરને લગા કિ મૈં અપને પહલે ભવમેં ભવદેવ નામકા વેશ્ય પુત્ર થા ઔર વિરોધકે કારણ રતિવેગા ઔર સુકાન્તકો માર ડાલા થા. ઈસકે બાદ મરકર જબ વે કબુતર–કબુતરી હુએ થે ઔર મૈંને બિલાવ હોકર

પૂર્વભવકે દ્વેષ સે ઉનકો માર ડાલા. ઈસકે બાદ વે હિરણ્યવર્મા ઔર પ્રભાવતી હુએ. તબ મૈં વિદ્યુત ચોર હુઆ ઔર જબ વે દોનોં મુનિ–અર્જિકાવેશ મેં થે તબ મૈંને ઉનકો જલતી હુઈ ચિતામેં ભૂન ડાલા ઉસ મહા પાપકે કારણ ભયાનક દુઃખોકા સ્થાન જો નરક હૈ વહાં મેં ગયા ઔર વહાં નાના પ્રકારકે ભૂખ–પ્યાસ–સર્દી–ગર્મી આદિ યાતનાઓંકો સહન કરની પડી. નરકમેં સે નિકલકર મુઝે સંસારચક્રમેં જો ચક્કર લગાને પડે હૈ ઉનસે મેરી આત્મા ઈતની સંકલેષીત હો ગઈ હૈ કિ મૈં ઉસકો શબ્દો દ્વારા વર્ણન નહીં કર શકતા. ઉસી સમય મૈં વિરક્ત હોકર દિગમ્બર સાધુ હો ગયા. ઈસિ વિચિત્ર કથાકો સુનકર ઉન દેવોકો બહુત આશ્ચર્ય હુઆ ઔર ઉનકો અવધિજ્ઞાન દ્વારા સબ બાતોંકા સ્પષ્ટ રૂપસે જ્ઞાન હો ગયા. જિન્હે આપને પહેલે કઈબાર મારા હૈ વે દોનોં હમ હી હૈ એસા કહકર ભીમ મુનિ કી વંદના કર દોનોં સ્વર્ગમેં ચલે ગયે. યહાં મહામુનિ ભીમને ૧૨ ભાવનાઓંકા ચિંતવન કર એવમ્ કઠીનતર તપોકો તપકર કેવળજ્ઞાન પ્રાપ્ત કિયા તથા ઘાતિયા કર્મોકો ઘાતકર મોક્ષમેં જા પહુંચે.

[ અહા ! દેખો ભવભવમેં બૈર કે પરિણામોં કો ધારણ કરકે મનુષ્યજીવકો મારા, કબુતરોંકે જીવકો મારા ઔર મુનિ અર્જિકા કો જીંદા જલા ડાલે એસા પાપી ભવદેવકા જીવ ક્ષણભરમેં દુઃખમય સંસારસે વિરક્ત હોકર દ્રવ્યદૃષ્ટિકે બલસે આત્મધ્યાન લગાકર, ઉન જયકુમાર ઔર સુલોચનાકે જીવ કે પહલે હી મહામુનિ ભીમ હોકર મોક્ષ ચલે ગયે. અહા ! વસ્તુસ્વરૂપકી અગાધ મહિમાકા કયા કહના ? ભવભવમેં દૂસરે જીવો કો મારનેવાલા સ્વયં ઉનકે પહલે હી મોક્ષ ચલે ગયે ! યે સબ સદા ઉપલબ્ધમાન સદા નિર્દોષ ત્રિકાળી ચૈતન્ય સામાન્ય સ્વભાવકે આશ્રયકા હી પ્રતાપ હૈ. ]

યહાં સુલોચના અપને સ્વામી જયકુમાર કો સ્મરણ દિલાતી હૈ કિ હે નાથ ! ઉસ સમય હમ મહાન મુનિ ભીમકી વંદના કરકે સ્વર્ગકો ચલે ગયે થે ઔર સ્વર્ગીય સુખોંકો ભોગકર બાદમેં સ્વર્ગસે ચયકર આપ રાજા સોમપ્રભકે પુત્ર કુમાર જયદેવ હુએ ઔર મૈં રાજા અકમ્પનકી પુત્રી સુલોચના હુઈ ઔર યહી કારણ હૈ કિ આજ કબૂતરોં કે જોડે કો દેખકર હમે જાતિસ્મરણ ભી હો ગયા. ઈસ પ્રકાર અપને પૂર્વભવોં કી કથા સુનકર વે દોનોં દમ્પતી એવમ કુટુમ્બીજન બહુત સંતુષ્ટ હુએ.

એક સમય અનેક રાજાઓ દ્વારા પૂજિત રાજા જયકુમારકા ચિત્ત સંસારકી ક્ષણ ભંગુરતાકી તરફ ગયા ઔર વહ ઈતના ગહરા હો ગયા કિ સંસારકો એકદમ અનિત્ય સમજકર આદિનાથ સ્વામીકે પાસ જાકર ઉનસે ધર્મ શ્રવણ કરતે હુએ સંસાર શરીર ભોગોંસે વિરક્ત હોકર દિગમ્બર દીક્ષા ધારણ કરલી ઔર થોડે હી દિનોંમેં વે આદિનાથ સ્વામી કે ૭૨ વેં ગણધર બનકર ઘાતિયા કર્મોકો નાશકર કેવળજ્ઞાની બન ગયે. ઈધર સુલોચનાને ભી સંસાર શરીર ભોગોં સે વિરક્ત હોકર ભરત મહારાજાકી બહિન બ્રાહ્મી અર્જિકા કે પાસ અર્જિકા વ્રત ધારણ કર લિયે ઔર સન્યાસ મરણ પૂર્વક શરીર ત્યાગ કરકે સ્ત્રી પર્યાય કો છેદકર ૧૬ વેં અચ્યુત સ્વર્ગમેં દેવ હો ગઈ.

....શ્રી પાંડવ પુરાણના આધારે

## શુદ્ધાત્મ–અવલોકન 卐 जाण अलिंगग्गहणम् ।

**[ શ્રી સમયસાર ગાથા–૪૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]**

[ તા. ૨૦–૧–૭૯ ]

શ્રી સમયસારશાસ્ત્રમાં ગાથા ૪૯માં અવ્યક્તનો ત્રીજો બોલ ચાલે છે. અહીં શરૂઆતમાં શિષ્ય પૂછે છે કે એ અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ નથી તો તે એક, ટંકોત્કીર્ણ, પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે? તેનું લક્ષણ શું છે?—એમ શિષ્યને આ જ જાણવાની ગરજ થઈ છે તેને આ ઉત્તર આપવામાં આવે છે. શ્રી નિયમસારશાસ્ત્રમાં તો એમ કહ્યું છે કે જીવની પર્યાયમાં ક્ષાયિકભાવ, ઉપશમભાવ થાય તે પણ જીવ નથી. અહીં ભગવાન કુંદકુંદાચાર્યદેવે ગાથાની જે રચના કરી છે તેમાંથી શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે શિષ્યનો આવો પ્રશ્ન છે તેના ઉત્તરરૂપ આ ગાથા છે—એમ કાઢ્યું છે. આ ગાથામાં जाण એમ કહ્યું છે. તેમાં આચાર્યદેવ એમ કહેવા માગે છે કે તું અવ્યક્તને પર્યાયમાં જાણ!

અહીં અવ્યક્તના બીજા બોલમાં એમ આવ્યું કે કર્મ ભાવક ને વિકારી પર્યાય ભાવ્ય તે વ્યક્ત છે અને તેનાથી અવ્યક્ત ભિન્ન છે. શ્રી પ્રવચનસારશાસ્ત્રની ગાથા ૨૪૨માં ભાવકભાવનું કથન આવે છે તેમાં જ્ઞાનપ્રધાનકથનથી એમ કહે છે કે ભાવક એટલે જ્ઞાયક આત્મા—જ્ઞાયકભાવ તે ભાવક અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય તે તેનું ભાવ્ય. ભગવાન આત્મા જ્ઞાયકભાવ છે, તે ભાવ કરવાવાળો છે પણ તેનું ભાવ્ય વિકારીભાવ નથી. અહીં શ્રી સમયસારમાં વિકારીભાવને જ્ઞાયકભાવથી ભિન્ન બતાવવો છે તેથી ભાવક કર્મ ને તેનું ભાવ્ય વિકારી ભાવ એમ લીધું અને શ્રી પ્રવચનસારમાં દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણેની વાત કરી, જ્ઞાન અને જ્ઞેયની પ્રતીતિની વાત કરી તથા તેનું જ્ઞાન અને રાગાદિથી નિવૃત્તિ–ત્રણે પર્યાય ભાવ્ય છે એમ કહ્યું. ભગવાન જ્ઞાયકભાવ છે તેની ઉપર દૃષ્ટિ કરવાથી વર્તમાન વિકારરહિત નિર્મળ પર્યાય થાય તે ભાવકનું ભાવ્ય છે. શ્રી સમયસારની ૧૧મી ગાથામાં દર્શનપ્રધાન કથનથી ભૂતાર્થ આશ્રિતની વાત કરી છે. અહીં પણ દર્શનપ્રધાનથી કથન છે. આશ્રય કરનારી તો પર્યાય છે પણ આશ્રય કોનો?—કે ભૂતાર્થનો, ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માનો જ આશ્રય છે.

ચિત્સામાન્યમાં ચૈતન્યની સમસ્ત વ્યક્તિઓ નિમગ્ન છે. સામાન્ય એટલે ત્રિકાળી ધ્રુવ, તેમાં ચૈતન્યની સમસ્ત અવસ્થાઓ અંતર્મગ્ન છે. તેને તું અવ્યક્ત, जीवम् जाण—એમ કહ્યું છે. ત્યાં जाण એ પર્યાય છે. તેથી પર્યાયમાં તેને–અવ્યક્તને જાણ—

એમ કહે છે. ભગવાન અંદર પૂર્ણ પડયો છે તેના તરફ દૃષ્ટિ કર. ત્યાં દૃષ્ટિ તે પર્યાય છે, જાણવાવાળી પર્યાય છે પણ પર્યાયનો વિષય ધ્રુવ છે, પર્યાયનો વિષય પર્યાય નથી. શ્રી જયસેનાચાર્યે આ ટીકામાં વારંવાર હે શિષ્ય તું જાણ, તું જાણ—એમ લીધું છે.

શ્રી જયસેનાચાર્યદેવે શ્રી સમયસારશાસ્ત્રની ૩૨૦ મી ગાથાની ટીકા કરતાં કહ્યું છે, 'વિવક્ષિત–એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર–સ્વસંવેદન લક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિ-રૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ–અખંડ–એક–પ્રત્યક્ષ-પ્રતિભાસમય–અવિનશ્વર–શુદ્ધપારિણામિક–પરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું,' પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.'

'એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના'માં ભાવ્ય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય કહેવી છે અને 'સકલનિરાવરણ' કહીને ત્યાં અવ્યક્ત દ્રવ્ય કહેવું છે. અંદર ચૈતન્ય જેમાં એક એક શક્તિ સહજ અપરિમિત એવી તો અનંત શક્તિઓ તેનું અખંડ એકરૂપ-પણું તે જ હું છું, પણ એક સમયની ખંડજ્ઞાનરૂપ પર્યાય તે હું નથી. વિષય કરે છે ખંડજ્ઞાન, પણ ખંડજ્ઞાન ખંડજ્ઞાનને ભાવતું નથી. સમ્યગ્દર્શન વિષય કરે છે ધ્રુવને સમ્યગ્દર્શન સમ્યગ્દર્શનને વિષય બનાવતું નથી.

ચારે બાજુથી જુઓ તો એક વસ્તુ જ સિદ્ધ કરે છે. વીતરાગદેવની વાણી પૂર્વાપર વિરોધ રહિત સિદ્ધ કરે છે, એક ઠેકાણે કહ્યું હોય ને બીજે ઠેકાણે કાંઈ બીજું એનાથી વિરુદ્ધ કહે તે વીતરાગની વાણી નથી. ઝીણી વાત છે ભાઈ! અત્યારે તો સાંભળવા મુશ્કેલીથી મળે તેવી છે. બાકી અપવાસ કરો, વ્રત કરો, સામાયિક કરો, પૂજા કરો–એવું સાંભળવાનું ઘણું મળે પણ માર્ગ તો આવો છે.

અહીં કહે છે કે ચિત્સામાન્યમાં સમસ્ત વ્યક્તિઓ નિમગ્ન છે એમ હે શિષ્ય તું જાણ! જાણ એ વર્તમાન પર્યાયમાં આવે છે, એ વર્તમાન પર્યાય કે જે જ્ઞાયકની ભાવ્ય નિર્મળ પર્યાય, રાગરહિત છે તે ભાવશ્રુતજ્ઞાનરૂપી પર્યાય દ્વારા બધી વ્યક્તિઓ જેમાં અંદર લીન છે એવા સામાન્યને જાણ.

ચિત્સામાન્યમાં સમસ્ત વ્યક્તિઓ એટલે કે અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંત વીર્ય, અનંત પ્રભુતાની પર્યાય, અનંત શાંતિની સ્વચ્છતાની પર્યાય, અનંત અકાર્યકારણ–પરનું કારણ નહીં, પરનું કાર્ય નહીં–એવી શક્તિની પર્યાય–એ બધી પર્યાયો સામાન્ય ચૈતન્યમાં નિમગ્ન છે. તે કારણે એ અવ્યક્ત છે તેથી ઉપાદેય છે.–એમ હે શિષ્ય! તું જાણ, શા કારણે ઉપાદેય જાણ!–કે સમસ્ત વ્યક્તિઓ–પર્યાયો અંતર્મગ્ન છે માટે એક વર્તમાન પર્યાયમાં તું એમ જાણ કે આ એક અવ્યક્ત વસ્તુ જ ઉપાદેય છે.

આહાહા! આવી વસ્તુ છે. મૂળ માર્ગનો બહુ ફેરફાર થઈ ગયો છે. અજ્ઞાનીઓને બિચારાઓને પોતાને દુઃખ થાય એવું કરવાનું ભાવમાં તો ન હોય, પણ ભાવની ખબર નથી; આવા ભાવથી-પરિણામથી પરિણામે દુઃખ થશે એની ખબર નથી; અને કોઈ જીવ મિથ્યાશ્રદ્ધાથી ભવિષ્યમાં દુઃખી થાય એવું જ્ઞાનીને ઠીક ન લાગે, કરુણા આવે. નરકના ને નિગોદના જીવોનાં દુઃખ વર્ણવતાં જ્ઞાનીને કરુણા આવે છે. પહેલી નરકના નારકીનું ઓછામાં ઓછું આયુષ્ય દસ હજાર વર્ષનું હોય છે, એવી સ્થિતિએ જીવ અનંતવાર ઉપજ્યો, દસ હજાર ને એક સમયની સ્થિતિએ અનંતવાર ઉપજ્યો, બે સમયે અનંતવાર ઉપજ્યો—એમ કરતાં અસંખ્ય સમય ને એમ કરતાં કરતાં દસ હજાર વર્ષ ને એક મિનિટના સમયે ઉપજ્યો તે ઠેઠ તેત્રીસ સાગરોપમ સુધીના સમયોમાં દરેકમાં અનંત વાર ઉપજ્યો. એકવાર નહીં પણ અનંતવાર, કેમ કે કાળ અનંત ગયો છે, કાળની આદિ નથી. ભાઈ! તેં આનો દીર્ઘ વિચાર કર્યો નથી. ભગવાન એમ કહે છે કે નારકીના આવાં ક્ષણનાં દુઃખો કરોડો જીભથી અને કરોડો ભવમાં પણ કહી શકાય નહીં, એવું ભયંકર દુઃખ ત્યાં ભોગવ્યું છે. ભૂલી ગયો એટલે કાંઈ હતું નહીં એમ કહેવાય? જનમ્યા પછી મનુષ્યભવમાં છ મહિના, બાર મહિના શું હતું, માતાએ કયાં સૂવરાવ્યો, નવરાવ્યો, ધવરાવ્યો તેની ખબર અત્યારે નથી તેથી એ હતું નહીં એમ કોણ કહે?—એમ અનંત કાળના એવા નરક આદિના દુઃખોની એને ખબર નથી માટે નહોતા એમ કેમ કહેવાય? નરકના દુઃખો તો સંયોગની અપેક્ષાએ કહ્યાં છે પણ નિગોદના દુઃખો તો પર્યાયમાં શક્તિ ઘટી ગઈ છે ત્યાં અનંતગણા દુઃખો છે, કારણ કે આનંદનું રૂપ ત્યાં તદ્દન ઉલટું જ થઈ ગયું છે—એવા નિગોદના ભવ એક શ્વાસમાં અઢારવાર કર્યા, એવા એકવાર નહીં પણ અનંવાર કર્યા છે.

ભાઈ! બહારમાં તને શેનાં હરખ આવે છે? કોઈ માન-સન્માન આપે ત્યાં રાજી-રાજી થઈ જા છો! પણ તું તો જ્ઞાતાદૃષ્ટા છો, એમાં મને આ ઠીક પડે છે ને આ અઠીક પડે છે—એવું કયાંથી લાવ્યો? અહીં તો કહે છે કે ભૂતકાળની ને ભવિષ્યકાળની પર્યાયો અંદરમાં સમાઈ ગઈ છે. અંદર સમાઈ ગઈ છે તો ત્યાં ઉદયભાવે કે ક્ષયોપશમ-ભાવે રહી નથી, પણ એ તો પરમપારિણામિભાવપણે શક્તિરૂપે રહી છે, તેને અવ્યક્ત, કહેવામાં આવે છે અને તે અવ્યક્ત જ ઉપાદેય છે. શુદ્ધ ઉપાદેય વસ્તુ જ આદરણીય છે. બહારથી દૃષ્ટિને સંકેલીને એ દૃષ્ટિને ત્યાં લગાવ એમ કહેવું છે.

હવે અહીં ચોથા બોલમાં કહે છે કે:—

### ✱ ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે. ૪. ✱

દ્રવ્ય એક સમયની પર્યાયમાત્ર નથી. ચાહે તો મોક્ષમાર્ગની પર્યાય હો, પણ તે ક્ષણિક નાશવાન છે. શ્રી નિયમસારશાસ્ત્રના શુદ્ધભાવ અધિકારમાં કહ્યું છે કે કેવળજ્ઞાન

આદિ પર્યાયો બધી નાશવાન છે, સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ બધી નાશવાન છે, અવિનાશી તો એક ભગવાન પોતે જ ત્રિકાળી છે. ત્યાં તો એનાથી પણ વધુ કહ્યું છે કે નિર્મળ પર્યાય પણ પરદ્રવ્ય છે. આહાહા! ગજબ વાત કરી છે ને! આ જે પરદ્રવ્ય કહ્યું છે તે પરદ્રવ્યથી સ્વદ્રવ્યનું લક્ષ કરવાનું કહે છે. શ્રી સમયસારની ૧૧ મી ગાથામાં भूयत्थमस्सिदो કહ્યું ત્યાં આશ્રય કરનાર પર્યાય છે, તે પર્યાયને નિયમસારમાં પરદ્રવ્ય કહી છે. તેનું કારણ એ છે કે જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય નથી આવતી એમ પોતાની પર્યાયમાંથી પણ નવી પર્યાય આવતી નથી, તેથી જેટલી પર્યાય છે તે બધાયને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આ પરદ્રવ્યથી સ્વદ્રવ્ય ભગવાન આત્મા અંદર ભિન્ન છે.

અહીં પરમાત્મા જિનેન્દ્રદેવ એમ પોકાર કરે છે કે શરીર, વાણી, મન તો પર છે, જડ છે, તેની તો શું વાત કરવી! તે તો તેના કારણે ટકે છે ને બદલે છે પણ તારી બદલતી પર્યાય જે તારામાં છે તે એક સમયની પર્યાયમાત્ર ક્ષણિકમાત્ર તું નથી. આ ભગવાન અંદર બિરાજે છે, જે શુદ્ધ ચૈતન્યઘન છે, તેની વર્તમાન પ્રગટ અવસ્થામાં જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે તે પણ ક્ષણિક પર્યાય છે. મિથ્યાશ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રની તો શું વાત કરવી? એ તો ભ્રમણાનું કારણ છે, દુઃખનું કારણ છે. તારી મહત્તા, તારી કિંમત શું છે તેની તને ખબર નથી. "જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો...." સર્વજ્ઞ ભગવાનની વાણીમાં પણ તારું પૂરું સ્વરૂપ આવી શક્યું નથી એવો તું છો પણ તને તારી કિંમત નથી અને દુનિયાની કિંમત ટાંકવા લાગી ગયો.

આત્મદ્રવ્ય જે વસ્તુ છે, અનંત આનંદનું નિધાન છે, તેની વર્તમાન પર્યાયમાં નિર્મળતા હો, મોક્ષમાર્ગની પર્યાય હો, તોપણ તે ક્ષણિક વ્યક્તિમાત્ર નથી. પર્યાયથી તો નિર્ણય કરવાનો છે, અનિત્યથી નિત્યનો નિર્ણય કરવાનો છે, પર્યાયમાત્ર અનિત્ય છે અને વસ્તુ અંદર નિત્ય છે. ચિદ્‌વિલાસમાં આવે છે કે અનિત્યથી નિત્યનો નિર્ણય કરવાનો છે. ક્ષણિકમાત્ર તું નથી, તારી દૃષ્ટિ ક્ષણિકમાત્રમાં ન રહેવી જોઈએ. નિમિત્ત ઉપર તો દૃષ્ટિ નહીં, દયા, દાનના વિકલ્પ તે પુણ્ય છે તેની ઉપર પણ દૃષ્ટિ નહીં. પણ નિર્મળ પર્યાય ઉપર પણ તારી દૃષ્ટિ ન હોવી જોઈએ. ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકીનાથ જિનેન્દ્રદેવ જેને આત્મા કહે છે તે ચીજ કોઈ અલૌકિક છે, ભગવંત સ્વરૂપ અંદર બિરાજમાન છે. ક્ષણિક પર્યાય જેને કબૂલ કરે છે તે વસ્તુસ્વરૂપ ક્ષણિકપર્યાયમાત્ર પણ નથી. કેવળજ્ઞાનની પર્યાય પણ ક્ષણિક પર્યાય છે. મોક્ષમાર્ગની પર્યાય તો ક્ષણિક છે, અપૂર્ણ છે, પૂર્ણ શુદ્ધ નથી પણ પૂર્ણ શુદ્ધ કેવળજ્ઞાનની પર્યાય અને સિદ્ધપર્યાય તે પણ ક્ષણિક પર્યાય છે, ભગવાન તે ક્ષણિક પર્યાયમાત્ર નથી; અંદર ધ્રુવ ચિદાનંદ ભગવાન છે.

અરેરે! આવી વાતો પણ સાંભળવા મળે નહીં, મનુષ્યપણું મેળવી દુનિયાની હા–હોમાં વખત વીતાવી દે છે. પ્રભુ! એકવાર સાંભળ તો ખરો! ઇન્દ્ર ને ગણધરોની

સભામાં જિનેન્દ્ર પરમાત્માની આ વાણી હતી, મહાવિદેહક્ષેત્રમાં સીમંધર સ્વામી બિરાજે છે ત્યાંથી આ વાત આવી છે. ભગવાન કહે છે કે એકવાર સાંભળ તો ખરો! શરીર, વાણી, કર્મ, દેશ ને પરચીજ એ તો તારી વસ્તુમાં નથી, તેમાં તું નથી, પણ તારી અખંડ પૂર્ણ વસ્તુ એક પર્યાયમાં પણ આવી નથી. "જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય! જરૂર પ્રાપ્ત થશે." જાગતો જીવ, જ્ઞાયકભાવ, જાણકસ્વભાવ ઊભો છે, ધ્રુવ છે તે ક્યાં જાય! અહીં કહે છે કે તે શું પર્યાયમાં આવે? રાગમાં આવે? ક્યાં આવે? નિત્યાનંદ અવિનાશી પ્રભુ આદિ-અંત વિનાની ચીજ અંતર આત્મા એ ક્ષણિકમાત્ર નથી—એમ કહે છે.

અંતર ભગવાન આત્મામાં બે પ્રકાર છે; એક ત્રિકાળી ધ્રુવ ને એક વર્તમાન પર્યાય. આ સિવાયની બીજી કોઈ વસ્તુ એમાં છે જ નહીં. સ્ત્રી-પુત્ર, કુટુંબ એ તો બધાં પર છે, તે તેને કારણે આવ્યા છે, તેના કારણે રહે છે, તારામાં નથી ને તારા નથી; અંદર હિંસા, જૂઠું, ચોરી, વિષય-ભોગ, વાસનાના અશુભભાવ એ તારા નથી, તારામાં નથી અને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, જાત્રા, ભગવાનના સ્મરણના ભાવ એ પણ પુણ્યભાવ છે એ પણ તારી વસ્તુમાં નથી પણ અહીં તો કહે છે કે ક્ષણિક નિર્મળ પર્યાય પણ તારી વસ્તુમાં નથી. જ્યાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે ત્યાં અંદરમાં જાને! પર્યાય ક્ષણિકને ત્યાં લઈ જાને! ક્ષણિક પર્યાય ઉપર નજર ન કર. આહાહા! શું અદ્ભુત વાત કરી છે!

અહીં તો ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ, અર્ધલોકના સ્વામી ઇન્દ્રની સમીપમાં આમ કહેતા હતા; પ્રભુ! તું કોણ છો! કેટલો છો! કેવડો છો! તારી વર્તમાન પર્યાય પ્રગટ છે તેવડો તું નથી, તારી ને પર્યાય વચ્ચે અત્યંત અભાવ છે. ક્ષણિક વ્યક્તિમાત્ર પ્રગટતા કહીને એમ કહેવા માગે છે કે આત્માની પર્યાય જે ક્ષણિક પ્રગટ છે, તેમાં નિર્મળ પ્રગટની વાત લેવી છે, વિકારની વાત તો ઉદય ભાવમાં આવી ગઈ, બીજા બોલમાં તેની વાત કરીને કાઢી નાખી. અહીં તો ક્ષણિક નિર્મળ પર્યાય માત્ર પણ આત્મા નથી એમ બતાવવું છે. એક ક્ષણની નિર્મળ પર્યાય જેવડો તું નથી તો પરનો તો ક્યાંથી થયો? શ્રી નિયમસાર શુદ્ધભાવ અધિકારમાં કેવળજ્ઞાનાદિ, સંવર-નિર્જરાની ધર્મપર્યાય આત્માના અવલંબનથી ઉત્પન્ન થઈ તે પણ ક્ષણિક છે એમ કહ્યું છે, એક સમયમાત્રની તેની મુદ્દત છે. આત્મા ત્રિકાળી આનંદનો નાથ છે તેના અવલંબનથી સમ્યગ્દર્શનાદિ ઉત્પન્ન થાય છે તેની મુદ્દત પણ એક જ સમયની છે. કેવળજ્ઞાન પણ એક સમયમાં એક જ છે, બીજા સમયમાં કેવળજ્ઞાનની બીજી પર્યાય થાય છે, એવી જ થાય પણ તે બીજી જ છે. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે આ કારણે આત્મા અવ્યક્ત છે. એક સમયની નિર્મળ પર્યાયમાત્ર નથી કારણ કે તે નિર્મળ પર્યાય વ્યક્ત છે. એવડો તું નથી, તેનાથી ભિન્ન નિત્યાનંદ તું છો, એ સમ્યગ્દર્શનનો વિષય છે, એ જ ઉપાદેય છે. એને જ આદરણીય કરવાથી આત્માના કલ્યાણની દશા ઉત્પન્ન થાય છે, પણ એ દશા પણ ક્ષણિક છે-એમ તું જાણ! વિશેષ કહેશે. ❋ ❋ (ક્રમશઃ)

## પર્યુષણપર્વ નિમિત્તે પ્રવચન, તત્ત્વચર્ચા તથા ધર્મ-પ્રભાવનાર્થે જુદા જુદા સ્થળે ગયેલાં વાંચનકારોની નામાવલિ:—

| પંડિત શ્રી | | સ્થળ |
|---|---|---|
| ૧ શ્રી લાલચંદભાઈ મોદી | રાજકોટ | મુંબઈ |
| ૨ ,, બાબુભાઈ ચુનીલાલ મહેતા | ફતેપુર | ફતેપુર |
| ૩ ,, હુકમચંદજી ભારિલ્લ | જયપુર | કાનપુર |
| ૪ ,, હીંમતભાઈ જોબાલિયા | સોનગઢ | અમદાવાદ |
| ૫ ,, ચંદુભાઈ ટી. કામદાર | રાજકોટ | રાજકોટ |
| ૬ ,, ડૉ. પ્રવિણભાઈ દોશી | રાજકોટ | રાજકોટ |
| ૭ ,, શશીભાઈ શેઠ | ભાવનગર | ભાવનગર |
| ૮ ,, જ્ઞાનચંદજી જૈન | વિદિશા | અલવર |
| ૯ ,, નેમીચંદજી પાટની | આગ્રા | ગયા |
| ૧૦ ,, યુગલકિશોરજી "યુગલ" | કોટા | કલકત્તા |
| ૧૧ ,, ધન્નાલાલજી જૈન | ગ્વાલિયર | અશોકનગર |
| ૧૨ ,, નેમીચંદ વેણીચંદ શાહ | રખીયાલ | દાદર |
| ૧૩ ,, રતનચંદજી ભારિલ્લ | જયપુર | ઇન્દોર-મલ્હારગંજ |
| ૧૪ ,, ઉત્તમચંદજી જૈન | સીવની | અજમેર |
| ૧૫ ,, કનુભાઈ શાહ | દાહોદ | સાગર |
| ૧૬ ,, ચીમનલાલ ઠાકરશી મોદી | મુંબઈ | ઘાટકોપર |
| ૧૭ ,, કેસરીચંદજી ધવલ | કોથલી | જયપુર |
| ૧૮ ,, ચીમનભાઈ કામદાર | સોનગઢ | હૈદ્રાબાદ |
| ૧૯ ,, જવાહરલાલજી જૈન | વિદિશા | મેરઠ |
| ૨૦ ,, ડૉ. પ્રિયકરજી | નાસિક | નાગપુર |
| ૨૧ ,, રાજમલજી જૈન | ભોપાલ | ભોપાલ |
| ૨૨ ,, બ્ર. હેમરાજજી જૈન | ,, | ગુના |
| ૨૩ ,, બ્ર. બાબુલાલજી જૈન | બરાયઠા | પથ્થરીયા |
| ૨૪ ,, બ્ર. યશપાલજી જૈન | જયપુર | બેંગલોર |
| ૨૫ ,, બ્ર. આત્મારામજી | સાગર | પઠારી |
| ૨૬ ,, બ્ર. દયાચંદજી | ઉદયપુર | બયાના |
| ૨૭ ,, બ્ર. હેમચંદજી જૈન | પિપલાની | ગ્વાલિયર |
| ૨૮ ,, બ્ર. રમેશચંદજી જૈન | મલકાપુર | સનાવદ |
| ૨૯ ,, બ્ર. જતીશચંદજી જૈન | જયપુર | ભુલેશ્વર |
| ૩૦ ,, બ્ર. અભીનંદનકુમાર જૈન | જયપુર | ખતૌલી |
| ૩૧ બ્ર. કૈલાશચંદજી "અચલ" | ,, | પીડાવા |
| ૩૨ શ્રી બ્ર. જમકલાલજી જૈન | સોનગઢ | લોહારદા |
| ૩૩ શ્રી બ્ર. અભયકુમારજી જૈન | જયપુર | કોટા |
| ૩૪ ,, શ્રેયાંસકુમારજી ,, | ,, | કરેલી |
| ૩૫ ,, ભાનુકુમારજી જૈન | જયપુર | હિંગોલી |
| ૩૬ ,, રાકેશકુમારજી ,, | ,, | દિલ્હી |
| ૩૭ ,, સુદીપકુમારજી શાસ્ત્રી | ,, | દાહોદ |
| ૩૮ ,, પ્રેમચંદજી ,, | ,, | બડવાહ |
| ૩૯ ,, નરેન્દ્ર કુમારજી ,, | ,, | બરૂઆસાગર |
| ૪૦ ,, વિનોદ કુમારજી ,, | ,, | આગ્રા |
| ૪૧ ,, શિખરચંદ્રજી ,, | ,, | હિસાર |
| ૪૨ ,, અશોક કુમારજી લોહાડીયા | ,, | ભોગાંવ |
| ૪૩ ,, મહેન્દ્રકુમારજી જૈન | ,, | જબલપુર |
| ૪૪ ,, કૈલાશચંદજી મલૈયા | ,, | જલેસર |
| ૪૫ ,, યોગેશચંદજી જૈન | ,, | બરગી |
| ૪૬ ,, અશોકકુમારજી ગવિલ | ,, | લુકવાસા |
| ૪૭ ,, વિમલકુમારજી જૈન | ,, | જયથલ |
| ૪૮ ,, પદ્માકરજી મન્જેલે | ,, | હસન (કર્નાટક) |
| ૪૯ ,, મહાવીરજી પાટીલ | ,, | નાગપુર |
| ૫૦ ,, શાંતીકુમાર પાટીલ | ,, | રિષોડ |
| ૫૧ ,, કમલેશકુમાર જૈન | આગ્રા | ઈટાવા |
| ૫૨ ,, વિવેકકુમારજી ,, | જયપુર | પારોલા |
| ૫૩ ,, હીરાભાઈ ભીખાભાઈ શાહ | મુંબઈ | નવરંગપુરા |
| ૫૪ ,, કપૂરચંદજી જૈન | કેસલી | સતના |
| ૫૫ ,, જ્ઞાનચંદજી ,, | કરેલી | બંડાબેલઈ |
| ૫૬ ,, ઉગ્રસેનજી બંડી | ઉદયપુર | ભીંડર |
| ૫૭ ,, અગોલચંદજી બંધુ | અશોકનગર | ઇન્દૌર |
| ૫૮ ,, દેવીલાલજી જૈન | સોનગઢ | તલોદ |
| ૫૯ ,, રમણભાઈ માણેકલાલ | રખીયાલ | ગુના |
| ૬૦ ,, સુકનરાજજી લોઢા | વિજયનગર | મદ્રાસ |
| ૬૧ ,, સુજાનમલજી મોદી | સોનગઢ | બડનગર |
| ૬૨ ,, જ્ઞાનચંદજી | જબલપુર | જતારા |
| ૬૩ શ્રી પ્રદીપકુમારજી જાંઝરી | ઉજ્જૈન | લલિતપૂર |
| ૬૪ ,, રાજકુમારજી શાસ્ત્રી | મૌ | વિદિશા |

| પંડિત શ્રી | | સ્થળ |
|---|---|---|
| ૬૫ શ્રી વેલજીભાઈ | ઉજ્જૈન | ચોરીવાડ |
| ૬૬ „ છગનલાલજી પહાડીયા | લોહારદા | ધાર |
| ૬૭ „ સુશીલકુમારજી જૈન | રાઘોગઢ | જયપુર |
| ૬૮ „ પૂનમચંદજી માણેકચંદજી | હિંમતનગર | મહેસાણા |
| ૬૯ „ શાંતિકુમાર શાસ્ત્રી | મૌ | રતલામ |
| ૭૦ „ રંગલાલજી જૈન | કુરાવડ | રોગાટી |
| ૭૧ „ ડોંગરમલજી જૈન | ઉદયપુર | પુના |
| ૭૨ „ મધુકરજી જૈન | મલકાપુર | જલગાંવ |
| ૭૩ „ નંદકિશોરજી ગોયલ | વિદિશા | બૂંદી |
| ૭૪ „ રમેશચંદજી જૈન | લલિતપુર | ફતેપુર |
| ૭૫ „ મણીભાઈ ભોલાભાઈ | મુનઈ | ઉદયપુર |
| ૭૬ „ હરકચંદજી બીલાલ | અશોકનગર | ફીરોઝાબાદ |
| ૭૭ „ મીશ્રીલાલજી ચૌધરી | ગુના | શીવની |
| ૭૮ „ પૂનમચંદજી છાવડા | ઇન્દોર | ઉદયપુર |
| ૭૯ „ ચંદુલાલ શાહ | મુંબઈ | સૂરત |
| ૮૦ „ ચિન્તામણીજી | મૌ | કરહલ |
| ૮૧ „ કસ્તૂરચંદજી જૈન | બેગમગંજ | આગ્રા |
| ૮૨ „ નેમીચંદજી જૈન | મલકાપુર | હરદા |
| ૮૩ „ બાબુલાલ ટોપીવાલે | બીના બજારીયા | અમ્બાહ |
| ૮૪ „ નરેશચંદજી જૈન | ગોરમી | ભીંડ |
| ૮૫ „ ચંપાલાલજી પટવારી | લલિતપુર | બીના |
| ૮૬ „ લક્ષ્મીચંદજી જૈન | દીલ્હી | શાહદરા |
| ૮૭ „ માંગીલાલજી જૈન | ઉદયપુર | બોરવાડી |
| ૮૮ „ કૈલાશચંદજી જૈન | અશોકનગર | નાગદા |
| ૮૯ „ ધરમચંદજી જૈન | બડૌત | ચંદેરી |
| ૯૦ „ શીખરચંદજી જૈન | „ | છીંદવાડા |
| ૯૧ „ હેમચંદજી "ચેતન" | જયપુર | કુશલગઢ |
| ૯૨ „ તારાચંદજી જૈન | ખંડેરી | મહીદપુર |
| ૯૩ „ રામકિશોરજી જૈન | કોટા | રાઘોગઢ |
| ૯૪ „ કપૂરચંદજી ભાઈજી | સાગર | દમોહ |
| ૯૫ „ ધરમચંદજી જૈન | અશોકનગર | કુમ્ભરાજ |
| ૯૬ „ કાંતીકુમાર જૈન | ઇન્દોર | કેકડી |
| ૯૭ „ લાલજીરામ | વિદિશા | ઝાંસી |
| ૯૮ „ પ્રબોધચંદજી જૈન | છીંદવાડા | મલકાપુર |
| ૯૯ „ રીખવચંદજી જૈન | મંદસોર | ગંજબાસોદા |
| ૧૦૦ શ્રી શીખરચંદજી જૈન | વિદિશા | ગઢાકોટા |
| ૧૦૧ „ રમેશચંદજી „ | ઇટાવા | ગ્વાલિયર |
| ૧૦૨ „ દેવેન્દ્રકુમારજી જૈન | સીંગોડી | ભોપાલ |
| ૧૦૩ „ ગંભીરચંદજી વૈદ્ય | અલીગંજ | કુરાયિતરપૂર |
| ૧૦૪ „ ચંદુભાઈ | ફતેપુર | ખાંતેગાવ |
| ૧૦૫ „ તારાચંદજી જૈન | ખનીયાધાના | મંડાવરા |
| ૧૦૬ „ બાબુભાઈ નાથાલાલ | ફતેપુર | બડોદા |
| ૧૦૭ „ ચીમનભાઈ વાઘવાડી | મુંબઈ | રખીયાલસ્ટેશન |
| ૧૦૮ „ રમણભાઈ | તલોદ | જાંબૂડી |
| ૧૦૯ „ છબીલભાઈ શાહ | સુરેન્દ્રનગર | બોટાદ |
| ૧૧૦ „ નવલભાઈ શાહ | સોનગઢ | વાંકાનેર |
| ૧૧૧ „ દીપકભાઈ | બોટાદ | વીંછીયા |
| ૧૧૨ „ સુરેન્દ્રભાઈ તલાટી | મુંબઈ | રણાસણ |
| ૧૧૩ „ પ્રાણભાઈ કામદાર | દાદર | સુરેન્દ્રનગર |
| ૧૧૪ „ પન્નાલાલજી જૈન | કરેલી | ખરગોન |
| ૧૧૫ „ મહેન્દ્રકુમાર જૈન | બરાયડા | બીડ |
| ૧૧૬ „ કૈલાસચંદજી જૈન | બુલન્દશહર | શીરડા શાહપુર |
| ૧૧૭ „ નેમીચંદજી પાટની | કન્નડ | ઔરંગાબાદ |
| ૧૧૮ „ ચંપકલાલ શાહ | મુંબઈ | રામટેક |
| ૧૧૯ „ હરકલાલજી ગંગવાલ | | અંકલી |
| ૧૨૦ „ નેમીનાથ રાજારામ | | વસમતનગર |
| ૧૨૧ „ નિર્મલચંદજી જૈન | સાગર | ગોરજામર |
| ૧૨૨ „ પ્રકાશચંદજી પાંડયા | ઇન્દોર | ભીલવાડા |
| ૧૨૩ „ ફૂલચંદજી જાંઝરી | ઉજ્જૈન | સેલૂ |
| ૧૨૪ „ મગનલાલજી જૈન | અશોકનગર | આલોદ |
| ૧૨૫ „ ગીરનારીલાલ જૈન | | કોલારસ |
| ૧૨૬ „ શુભચંદજી જૈન | વિદિશા | શિવપુરી |
| ૧૨૭ „ જવેરીલાલજી શાહ | દાહોદ | અંકલેશ્વર |
| ૧૨૮ „ હિંમતલાલ ડગલી | વીછીંયા | મલાડ-મુંબઈ |
| ૧૨૯ „ શાંતીલાલ આર. શાહ | સોનગઢ | લીંબડી |
| ૧૩૦ „ કોમલચંદજી જૈન | ટંડા | જેસીનગર |
| ૧૩૧ „ વિજયકુમારજી જૈન | બરાયઠા | મુંગાવલી |
| ૧૩૨ „ છગનલાલજી પહાડીયા | લોહારદા | બડનગર |
| ૧૩૩ „ અશોકભાઈ | ખંડવા | હરસૂદ |
| ૧૩૪ „ મોતીલાલજી જૈન | આરોન | ભોપાલ |

| પંડિત શ્રી | | સ્થળ | પંડિત શ્રી | | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧૩૫ શ્રી હીરાલાલજી જૈન | જાવરા | મંદસૌર | ૧૪૮ શ્રી વીરચંદજી | મૌ | અમાયન |
| ૧૩૬ ,, બ્ર. આત્માનંદજી જૈન | બેગમગંજ | | ૧૪૯ ,, સૂરજમલજી જૈન | માનપુરા | લાખેરી |
| ૧૩૭ ,, વિનોદકુમારજી જૈન | જવેરા | મંડલા | ૧૫૦ ,, હીરાલાલજી ખજૂરીયા | લલિતપુર | ગાડરવાડા |
| ૧૩૮ ,, કમલચંદજી જૈન | ,, | વિજોલીયા | ૧૫૧ ,, આનંદીલાલજી જૈન | વિદિશા | ધાર |
| ૧૩૯ ,, નરેશચંદજી જૈન | ગોરખી | ભીંડ | ૧૫૨ ,, આનંદકુમાર | ,, બેંગલોર | તીરવી |
| ૧૪૦ ,, ડી. સી. મહેતા | અમદાવાદ | શોલાપુર | ૧૫૩ ,, માંગીલાલજી | ,, ગુના | ખનિયાધાના |
| ૧૪૧ ,, એમ. બી. પાટીલ | | હિન્દપુર | ૧૫૪ ,, માંગીલાલજી | ,, કોલારસ | મૌ |
| ૧૪૨ ,, તેજમલજી જૈન | પીડવા | કુરાવડ | ૧૫૫ ,, કમલકુમાર | ,, જવેરા | મંડીબામૌરા |
| ૧૪૩ ,, શાંતીભાઈ સોગાની | મહીદપુર | ઝાલાવાડ | ૧૫૬ ,, વીરસાગર | ,, જયપુર | તાજગાંવ |
| ૧૪૪ ,, ભોગીલાલ | ઉદયપુર | લકડવાસ | ૧૫૭ ,, રાવસાહેબ નરદેકર | જયપુર | ફાતેગાંવ |
| ૧૪૫ ,, નારમલજી જૈન | ,, | લૂણદા | ૧૫૮ ,, પ્રો. અરવિંદજી | કરહલ | શામલી |
| ૧૪૬ ,, હીરાલાલજી ગંગવાલ | ઈન્દોર | ડોગરગઢ | ૧૫૯ ,, મકખનલાલજી | મૌ | સિગ્રામપુર |
| ૧૪૭ ,, લક્ષ્મીચંદજી જૈન | ડુંગરપુર | ડબોક | | | |

× × ×

[ દર વર્ષની માફક આ વર્ષે પણ લગભગ ૨૦૦ મંડળો તરફથી વાંચનકાર મોકલવાની માંગણી આવી હતી, જેમાંથી ઉપર પ્રમાણેના સ્થળોએ વાંચનકારો મોકલી શકાયા હતા. દરેક મંડળો તરફથી ઘણી ધર્મ-પ્રભાવના થયાના પત્રો આવી રહ્યા છે. પર્વાધિરાજ પર્યુષણ પર્વ પ્રસંગે રોજ થતાં જિનેન્દ્ર-પૂજન, સવાર-બપોર-સાંજના પ્રવચનકારોના પ્રવચનો, જિનેન્દ્ર-ભક્તિ, સામાયિક–પ્રતિક્રમણ આદિ બધાં જ કાર્યોક્રમોમાં મોટી સંખ્યામાં મુમુક્ષુ-ભાઈ–બહેનો લાભ લેતાં હતાં. પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપકારનો બદલો વાળવા આપણે સર્વથા અસમર્થ છીએ તોપણ તેઓશ્રીએ ચીંધેલાં માર્ગ પર આગળ વધીને તેઓશ્રીના આપણા ઉપરના ઉપકારને સફળ બનાવીએ–એવી દરેક જિજ્ઞાસુ તત્ત્વપ્રેમીની ભાવના દિનપ્રતિદિન દ્રઢત્તર બની રહી છે. ]

## [ વૈરાગ્ય સમાચાર.... ]

**❀ નંદરબારવાળા (હાલ સોનગઢ) શ્રી કપૂરચંદ સુખલાલ કોઠારી (વર્ષ ૫૮) તા. ૮–૮–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાની ઘણી ભાવના હતી.**

**❀ વઢવાણનિવાસી કંચનબેન અમૃતલાલ દોશી (વર્ષ ૬૬) તા. ૯–૯–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.**

**❀ કલકત્તાનિવાસી શ્રી મોહનલાલ પાટણીના ધર્મપત્ની (વર્ષ–૮૬) તા. ૨૫–૭–૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.**

**—સ્વર્ગસ્થ મુમુક્ષુઓને દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશકારિણી અધ્યાત્મ–અમૃત–વાણીનો ઘણો લાભ લેતા હતા. તેઓ વીતરાગ ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો—એ જ ભાવના.**

## વૈરાગ્ય સમાચાર:—

❋ સાવરકુંડલાનિવાસી નરેન્દ્રકુમાર જગજીવનદાસ કરશનદાસ (વર્ષ ૩૫) તા. ૨૫-૬-૮૧ના રોજ અકસ્માતથી મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

❋ વઢવાણનિવાસી છબલબેન સુખલાલ (શ્રી ઉજમશી તલખશીના ધર્મપત્ની) (વર્ષ ૮૫) ચૈત્ર સુદ ૧૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❋ ઉદયપુરનિવાસી મોહનબાઈ (શ્રી નેમીચંદ રતનલાલ મહેતાના ધર્મપત્ની) તા. ૩-૬-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❋ મોરબીનિવાસી (હાલ વરસોવા) શ્રી નવીનચંદ્ર રતીલાલ દફતરી (વર્ષ ૫૫) તા. ૧૮-૬-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❋ જામનગરનિવાસી (હાલ અમદાવાદ) નર્મદાબેન મોતીલાલ મહેતા (વર્ષ ૭૧) તા. ૨૪-૬-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❋ સાવરકુંડલાનિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી જયંતીલાલ બેચરદાસ દોશી (વર્ષ ૮૬) તા. ૩૦-૬-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❋ રાજકોટનિવાસી શ્રી રજનીભાઈ ધીરજલાલ શાહ (વર્ષ-૫૨) તા. ૨૫-૭-૮૧ ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વર્ષોથી સોનગઢ અવારનવાર આવતા હતા, તેઓ તત્ત્વના બહુ રસવાળા હતા.

❋ બડનગરનિવાસી અનિલકુમાર કસ્તૂરચંદજી ગોધા (વર્ષ-૧૭) તા. ૧૮-૮-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❋ બિલખાનિવાસી મધુબાળા નાનાલાલ જેચંદ બદાણી (વર્ષ-૨૩) તા. ૨૩-૮-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❋ મહુવાનિવાસી મહેતા ગોકુળદાસ કાળીદાસ (વર્ષ-૮૭) વૈશાખ વદ સાતમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❋ બોટાદનિવાસી શાહ હરજીવનદાસ ગીરધરલાલ (વર્ષ-૭૭) તા. ૧૭-૭-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❋ નાઈરોબીનિવાસી વિદ્યુત ઝવેરચંદ પુનમચંદ શાહ (વર્ષ-૨૦) મોટર અકસ્માતથી તા. ૨૬-૭-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❋ રાજકોટનિવાસી શ્રી જિતેન્દ્રભાઈ ફુલચંદ પારેખ (વર્ષ ૫૪) તા. ૫-૯-૮૧ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

## વિવિધ સમાચાર:—

❀ અધ્યાત્મતીર્થધામ સોનગઢમાં રાખેતા મુજબ સવારે શ્રી જિનેન્દ્ર-પૂજન, ત્યાર બાદ ૮ાા થી ૯ાા શ્રી સમયસાર કર્તાકર્મ અધિકાર ઉપર ૧૩મી વખતના (૧૯૬૧ના) પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું ટેપ-રેકોર્ડિંગ પ્રવચન, બપોરે ૩ થી ૪ બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાળિયાનું શ્રી સમયસાર કર્તાકર્મ અધિકાર ઉપર વાંચન, બાદ જિનેન્દ્ર-ભક્તિ તથા સાંજે ૭ાા થી ૮ાા શ્રી સમયસાર કળશટીકા ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું (૧૯૭૭નું) ટેપ-રેકોર્ડિંગ પ્રવચન—એ રીતે કાર્યક્રમ ચાલી રહ્યો છે.

❀ પર્વાધિરાજ પર્યુષણપર્વ સોનગઢમાં ઉલ્લાસપૂર્વક ઉજવાયો. નિયત કાર્યક્રમ ઉપરાંત શ્રી દશલક્ષણધર્મની સમૂહ-પૂજા દસ દિવસ રાખવામાં આવી હતી અને પૂર્ણાહૂતિ નિમિત્તે જિનેન્દ્ર ભગવાનની રથયાત્રા કાઢવામાં આવી હતી. રોજ સાંજે ૭ થી ૮ સામાયિક પ્રતિક્રમણ રાખવામાં આવતું હતું અને ત્યાર બાદ શ્રી નિયમસાર—શુદ્ધભાવ અધિકાર ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું ટેપ-રેકોર્ડિંગ પ્રવચન રાખવામાં આવતું હતું. સવારે ટેપ-રેકોર્ડિંગ પ્રવચનમાં ૧૯૬૨ના પર્યુષણપર્વ પ્રસંગે થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી સમયસાર પરિશિષ્ટ-શક્તિ ઉપરના પ્રવચનોનું ટેપ-પ્રવચન સંભળાવવામાં આવતું હતું.

❀ ભાદરવા વદ એકમના રોજ ક્ષમાવણી પ્રસંગે રાજકોટ, વાંકાનેર, ગોંડલ, ભાવનગર આદિ ઘણા ગામોના મુમુક્ષુ મંડળો સોનગઢ આવ્યા હતા ને વર્ષોની પ્રણાલિકા મુજબ બપોરના ટેપ-રેકોર્ડિંગ પ્રવચન બાદ પરમાગમમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ફોટા સમક્ષ ક્ષમાવણી-સ્તુતિ દ્વારા સમસ્ત મુમુક્ષુઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા યાચી હતી તથા ત્યાર બાદ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિવાસસ્થાને જઈને તેઓશ્રીની ક્ષમા યાચી હતી.

❀ લાઠીવાળા શ્રીમતિ મંછાબેન જયંતિલાલ ભાયાણી તરફથી દશલક્ષણધર્મ પૂજા રાખવામા આવી હતી.

❀ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને તેમના નિવાસસ્થાને નીચે મુજબના પરિવારોએ તા. ૩૦-૮-૮૧ ના રોજ બપોરે ૪ાા વાગ્યે હીરાથી વધાવ્યા હતા:—

શ્રી કુસુમબેન, મુંબઈ (શ્રી છબલબેન તંબોળીના સુપુત્રી)

શ્રી અનુબેન શેઠ અને પરિવાર

શ્રી ચંદુભાઈ મહેતા અને પરિવાર

શ્રી વસુબેન મણીયાર

શ્રી જ્યોતિબેન શાહ અને પરિવાર

શ્રી આનંદભાઈ જસાણી અને પરિવાર

ડૉ. જયંતીભાઈ પારેખ અને પરિવાર

* વઢવાણ શહેરમાં જિનમંદિરની બાજુમાં 'શ્રી શારદાબેન ફૂલચંદ શાહ' વાડીનું ઉદ્‌ઘાટન શ્રાવણ સુદ પુનમના રોજ શ્રી હસમુખરાય પોપટલાલ વોરાના સુહસ્તે કરવામાં આવ્યું હતું. યાત્રાળુઓ માટે રહેવાની વ્યવસ્થા પણ વાડીમાં રાખવામાં આવી છે.

**સૂચનાઃ—**

* શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢથી પુસ્તકો મંગાવનારને ખાસ સૂચના આપવામાં આવે છે કે પોતાની જરૂરીયાતના પુસ્તકોનો ઓર્ડર ઓછામાં ઓછું ૧ મહિના પહેલાં મોકલી આપવો, જેથી તેઓને પ્રસંગ ઉપર સમયસર પુસ્તકો પહોંચાડી શકાય.

* આત્મધર્મ (ગુજરાતી)ના ગ્રાહકોને વિનતી કે દરેક માસના અંકો ગ્રાહકોની સંખ્યા મુજબ ગણીને પોસ્ટ-ઓફિસમાં આપવામાં આવે છે તથા પોસ્ટ-ઓફિસમાં પણ તેઓ ગણીને પોસ્ટેજ-ચાર્જ સંસ્થા પાસેથી વસૂલ કરે છે; તેથી બહારગામના જે ગ્રાહકોને અંક ન મળે તેઓએ પોત-પોતાની પોસ્ટ-ઓફિસમાં આ અંગે લેખિત જાણ કરીને તપાસ કરવી.

* જુલાઈ, ઓગષ્ટ અને સપ્ટેમ્બર ૧૯૮૧ના આત્મધર્મના અંક ઉપલબ્ધ ન હોવાથી, ચાલુ વર્ષ માટે (જુલાઈ '૮૧ થી જૂન '૮૨ માટે) ગ્રાહક બનનારા નવા ગ્રાહકોને ઓકટોબરથી જ અંક મોકલી શકાશે, માટે તેઓએ નવ માસનું લવાજમ રૂા. ૯/ ને બદલે રૂા. ૭/ મોકલવા. —મેનેજર

**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ**

## * માખણ : અત્યંત અભક્ષ્ય *

માખણમાં બે ઘડી પછી સૂક્ષ્મ અને સ્થૂળ બન્ને પ્રકારના નિગોદના જીવો તથા ત્રસ જીવોની ઉત્પત્તિ થઈ જાય છે. માટે શ્રાવકે માખણનો સર્વ પ્રકારે ત્યાગ કરવો જોઈએ.

(શ્રી જયસેન આચાર્ય, ધર્મરત્નાકર, અધ્યાય-૧૧, ગાથા-૬૩)

[ મધ, માંસ અને મદિરા અભક્ષ્ય વસ્તુ છે. આ બહુ પ્રસિદ્ધ વાત હોવાથી મુમુક્ષુઓ તેના સ્પર્શનથી પણ અત્યંત દૂર રહે છે, પરંતુ આજકાલ મોટા શહેરોમાં માખણ ખાવાની પદ્ધત્તિ બહુ ચાલે છે. પરંતુ ઉપરની ત્રણે વસ્તુની માફક માખણ પણ બહુ દોષિત હોવાથી જે મુમુક્ષુઓ અજાણપણાને લઈને માખણનો ઉપયોગ કરતાં હોય તેણે માખણને અત્યંત અભક્ષ્ય જાણીને માખણ ખાવાનું છોડી દેવું જોઈએ. ]

## વીતરાગી સાહિત્ય આપણા ઘરનું ઉત્તમ આભૂષણ

| | |
|---|---|
| ભગવાન મહાવીર | ૦-૧૫ |
| ભગવાન મહાવીર ભજન-પૂજન સંગ્રહ | ૧-૦૦ |
| વસ્તુવિજ્ઞાનસાર | ૧-૦૦ |
| સમવસરણ સ્તુતિ | ૧-૦૦ |
| મહારાણી ચેલના | ૧-૦૦ |
| શ્રાવકધર્મ પ્રકાશ | ૫-૦૦ |
| સત્યની શોધ ભાગ-૨ | ૩-૪૦ |

### ટોડરમલ સ્મારક ભવન ટ્રસ્ટ જયપુર દ્વારા પ્રકાશિત

| | |
|---|---|
| બાળબોધ પાઠમાળા ભાગ-૧ | ૦-૬૦ |
| ,, ,, ભાગ-૨ | ૦-૮૦ |
| ,, ,, ભાગ-૩ | ૦-૮૦ |
| વીતરાગવિજ્ઞાન પાઠમાળા ભાગ-૧ | ૦-૭૫ |
| ,, ,, ભાગ-૨ | ૧-૦૦ |
| ,, ,, ભાગ-૩ | ૧-૦૦ |
| તત્ત્વજ્ઞાન પાઠમાળા ભાગ-૧ | ૧-૨૫ |
| ,, ,, ભાગ-૨ | ૧-૨૫ |

### શ્રી વીતરાગ સતસાહિત્ય પ્રસારક ટ્રસ્ટ ભાવનગર દ્વારા પ્રકાશિત

| | |
|---|---|
| સમયસાર મૂળ ગ્રન્થ | ૧૧-૦૦ |
| પરમાત્મપ્રકાશ | ૧૧-૨૫ |
| પદ્મનંદી પંચવિંશતિ | ૮-૦૦ |
| યોગસાર પ્રાભૃત | ૮-૨૫ |
| જ્ઞાનામૃત | ૧-૨૫ |
| અધ્યાત્મસંદેશ | ૫-૫૦ |
| પુરુષાર્થસિદ્ધિઉપાય | ૫-૦૦ |
| અધ્યાત્મિક-પત્રો | |
| દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ભા. ૧/૨ | ૨-૦૦ |
| દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ ભાગ ૩ | ૪-૫૦ |
| ક્રમબદ્ધપર્યાય | ૩-૦૦ |
| આત્મઅવલોકન | ૩-૦૦ |

---

## આવશ્યક સૂચના

* બહારગામથી પુસ્તકો મંગાવનારાઓએ પુસ્તકની કિંમત ઉપરાંત પોસ્ટેજ અથવા રેલ્વે ચાર્જ તથા પેકિંગ આદિની વધુ રકમ મોકલવી.
* પુસ્તકોના ઓર્ડરની સાથે જ સંસ્થાના નામનો ડ્રાફ્ટ અથવા મની-ઓર્ડર મોકલવા.
* પુસ્તકોના ઓર્ડરની સાથે ડ્રાફ્ટ કે મની-ઓર્ડર નહીં મોકલનારને વી. પી. દ્વારા પુસ્તકો મોકલી આપવામાં આવશે. પરંતુ વી. પી. દ્વારા ખર્ચ વધારે લાગશે.

### પ્રાપ્તિસ્થાન

૧ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પીન-૩૬૪ ૨૫૦

૨ શ્રી ટોડરમલ સ્મારક ભવન, એ-૪, બાપુનગર, જયપુર ( રાજ ) પીન-૩૦૨ ૦૧૫

૩ શ્રી વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર ( સૌરાષ્ટ્ર ) પીન-૩૬૪ ૦૦૧

# આપણા ઘરનું ઉત્તમ આભૂષણ

## વીતરાગી સાહિત્ય

| | |
|---|---|
| નિયમસાર ( મૂળ ગ્રંથ ) | ૯-૦૦ |
| મોક્ષમાર્ગ પ્રકાશક | ૭-૦૦ |
| સમયસાર કળશ-ટીકા | ૭-૦૦ |
| નાટક સમયસાર | ૭-૦૦ |
| રત્નકરણ્ડ શ્રાવકાચાર | ૬-૦૦ |
| પંચાસ્તિકાય | ૯-૦૦ |
| બહેનશ્રીનાં વચનામૃત | ૩-૦૦ |
| પ્રવચનસાર | ૧૫-૦૦ |
| આત્મસિદ્ધિ-શાસ્ત્ર પરના પ્રવચનો | ૮-૦૦ |
| આત્મભાવના ( સમાધિશતક પ્રવચન ) | ૩-૨૫ |
| જિનેન્દ્ર સ્તવન મંજરી | ૫-૦૦ |
| જૈન પ્રાઇમર ( ઈંગ્લીશ ) | પ્રેસમાં |
| જિનેન્દ્ર પૂજન સંગ્રહ | ૪-૦૦ |
| જિનેન્દ્ર ભજનમાળા | ૨-૦૦ |
| દ્રવ્ય-સંગ્રહ | ૧-૫૦ |
| બૃહદ્ દ્રવ્યસંગ્રહ | ૪-૦૦ |
| જિનેન્દ્ર સ્તવનમાળા | ૧-૫૦ |
| છહાળા સચિત્ર | ૧-૭૫ |
| અષ્ટપ્રાભૃત ( ૧ થી ૪ પાહુડ ) | ૦-૩૦ |
| ભાવપ્રાભૃત ( પાંચમો પાહુડ ) | ૦-૩૦ |
| અષ્ટપ્રાભૃત ( ૧ થી ૮ પાહુડ ) | ૧-૦૦ |
| જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા | ૨-૫૦ |
| અલિંગગ્રહણ પ્રવચન | ૦-૭૫ |
| અનુભવ પ્રકાશ | ૧-૨૫ |
| અપૂર્વ અવસર | ૩-૦૦ |
| ચિદ્દવિલાસ | ૧-૭૫ |
| ધર્મના દશ લક્ષણ | ૪-૦૦ |

| | |
|---|---|
| વીતરાગવિજ્ઞાન ( છહાળા પ્રવચન ) ભાગ ૧ | ૧-૨૫ |
| " " " ૨ | ૧-૫૦ |
| " " " ૩ | ૧-૦૦ |
| " " " ૪ | ૨-૨૫ |
| પ્રવચન રત્નાકર ભાગ ૧ | ૬-૫૦ |
| " " ભાગ-૨ | ૫-૦૦ |
| " " ભાગ-૩ | ૬-૦૦ |
| " " ભાગ-૪ | ૭-૫૦ |
| " " ભાગ-૫ | ૮-૦૦ |
| અકલંક-નિકલંક ( ધાર્મિક નાટક ) | ૦-૭૫ |
| સત્યની શોધ ભાગ ૧ | ૨-૦૦ |
| પરમાગમ મંદિર પ્રતિષ્ઠા-મહોત્સવ પત્રિકા | ૧-૨૫ |
| આરાધના | ૦-૨૦ |
| એક હતો દેડકો-વાંદરો | ૦-૧૦ |
| નિયમસાર ગુટકો | ૦-૫૦ |
| આલોચના | ૦-૩૫ |
| જૈન બાળપોથી ભાગ-૧ | ૦-૬૦ |
| " " ભાગ-૨ | ૦-૬૦ |
| જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા | ૦-૪૦ |
| સર્વ સામાન્ય પ્રતિક્રમણ | ૧-૦૦ |
| અહિંસા પરમો ધર્મ : | ૦-૫૦ |
| ગુરુદેવ જન્મજયંતી પ્રસંગને આવરી લેતા ઘાટકોપર મંડળીના ભજનો | ૦-૫૦ |
| શાસ્ત્ર-સ્વાધ્યાય | ૨ ૦૦ |
| મૂળમાં ભૂલ | ૧-૦૦ |
| આત્માનુશાસન | ૭-૦૦ |
| તીર્થંકર ભગવાન મહાવીર (ઇંગ્લીશ) | ૦-૫૦ |
| લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા (ઇંગ્લીશ) | ૦-૭૫ |


[ વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ ]

તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર * પ્રત : ૨૮૦૦

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, PIN : 364 250

મુદ્રક : અજિત મુદ્રણાલય, પ્રવીણચંદ્ર હ. શાહ [ વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ ]